Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरुकल्पवृक्षः }

शान्तिः स्वान्तमरूढा भवति भवतिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोऽप्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाभ्भः
आत्मानन्दप्रकाशो यदि भवति नृणां भावभृद्-हृद्विकाशः ॥

पुस्तक १२. } वीर संवत् २४४० भाद्रपद. आत्म सं. १९. { अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा. भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | વાર્ષિક ક્ષમા યાચના. ... ... | ૨૫ | ૭ | સરલતા. ... ... ... | ૪૯ |
| ૨ | સત્ય વિદ્યા સ્વરૂપ. ... ... | ૨૬ | ૮ | ભાવનગરનો શ્રી સંઘ અને પર્યુષણ પર્વો. ... ... ... ... | [illegible] |
| ૩ | પન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજનું વ્યાખ્યાન. (૨) ... | ૨૬ | ૯ | શ્રી મહાવીર વિદ્યાલય (મુંબઇ)ને મળેલી વધુ મદદો. ... ... | ૫૫ |
| ૪ | દુઃખથી ધર્મ પ્રાપ્ત થાય છે? ... | ૩૪ | ૧૦ | ગ્રંથાવલોકન. ... ... ... | ૫૬ |
| ૫ | આશ્રવ મિમાંસા. ... ... | ૨૮ | | | |
| ૬ | આત્માની અવસ્થાત્રયનું સ્વરૂપદર્શન. | ૪૮ | | | |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યો—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વી. પી. શરૂ થયા છે.

## અગ્યારમા વર્ષની અપૂર્વ ભેટ.

### શ્રી જયશેખર સૂરિ વિરચિત,

# " શ્રી જંબૂસ્વામિ ચરિત્ર "

### ( ગુર્જર—અનુવાદ. )

આર્હત ધર્મના અનેક આચાર્યોએ મહાત્મા જંબૂસ્વામીના ચરિત્રો લખેલા છે, પરંતુ આ શ્રીજયશેખર સૂરિનો લેખ સર્વમાં ઉત્કૃષ્ટપદે આવેલો છે. આલંકારિક અને રસિક ભાષામાં ઉતારેલું તે મહાત્માનું ચરિત્ર અતિ રસિક અને સુબોધક બનેલું છે. ચરિતાનુયોગની ઉપયોગિતા જે જે વિષયો પરત્વે સિદ્ધ કરવામાં આવી છે, તે આ ચારિત્રના વિષયમાં સંપૂર્ણ રીતે દર્શાવવામાં આવી છે. ધર્મનો પ્રભાવ, સદાચારનું માહાત્મ્ય, સત્સંગનું બળ, ભાવનાની ભવ્યતા અને વૈરાગ્ય રસની લહરીઓ આ લેખમાં પ્રત્યેક પ્રસંગે ઉછળી આવે છે. કાવ્ય કળાના સમુદ્રનું મથન કરી રત્ન રૂપે પ્રગટ કરેલો આ ગ્રંથ ઉત્તમોત્તમ કાવ્ય ચાતુર્યનો અપ્રતિમ નમુનોછે. એકંદર જૈનોના ધાર્મિક,અને સુબોધક ચિત્ર તરીકે આ ચરિત્ર લેખ અતિ ઉપયોગીછે. કે જેથી વાચકના હૃદયમાં આ ગ્રંથની મહત્તાનું અનુમાન સ્વભાવિક થઇ શકે તેવું છે. સર્વ આર્હત સ્ત્રી પુરૂષને વાંચતાં આનંદ સાથે સદ્ધર્મયુક્ત બોધ આપે તેવો છે. આ ચરિત્રનો ગ્રંથ મૂળ અમારા તરફથી છપાયેલ છે તે મૂળ ગ્રંથના આશયને અવલંબી તેનો અનુવાદ પણ શુદ્ધ રાખવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અમારા માનવંતા ગ્રાહકો પાસે જેટલું જેટલું લવાજમ લેણું છે તેમને તેટલા તેટલા પુરતા પૈસાનું વેલ્યુ પેબલ કરી ઉક્ત ગ્રંથ મોકલવો શરૂ કરવામાં આવેલ હતો. કેટલાક પ્રમાદિ અથવા જ્ઞાન દોષને નહિં લેખનારા ગ્રાહકોએ વી. પી. પાછું વાળી નાહક જ્ઞાનખાતાને નુકસાન કરેલ છે. જેથીઆશા છે કે હવે અમારા કદરદાન ગ્રાહકોને વેલ્યુપેબલ પાછું વાળી આવા સાર્વજનિક ખાતાને ઉલટું નુકશાન કરી જ્ઞાન દોષમાં આવવું અને ભેટનો લાભ ખોવો તે સુજ્ઞ ગ્રાહકો કદી કરેજ નહિં. જેથી જેઓએ પાછાવાળેલ છે તેઓને ફરી મોકલવામાં આવશે જેથી તેઓએ સ્વીકારી જ્ઞાન દોષમાંથી મુક્ત થવું અને હવે પછી આ માસિકના ગ્રાહક ન રહેવું હોય તો અમોને લખી જણાવવું.

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકને ખાસ લાભ.

આ સભા તરફથી હાલમાં **શ્રી જૈન ગ્રંથ ગાઇડ** જે કે આજસુધી પ્રગટ થયેલા અમૂલ્ય ગ્રંથ રૂપ રત્નોના સ્વરૂપના માર્ગને દેખાડનાર ભોમીઆ રૂપ આ અપૂર્વ ગ્રંથ છે. જેમાં એકંદરે ૬૦૦ વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે. અકારાદિ ક્રમને અનુસરી ગ્રંથોના નામ રાખવામાં આવેલા છે. આથી જૈન ધર્મ સંબંધી વિવિધ વિષયોના પ્રમાણોનો સંગ્રહ કરવાની ઇચ્છાવાળાને આદર્શરૂપ છે. દરેક જૈનોના ઘરમાં અને જાહેર સંસ્થાઓમાં આ એક નમુના રૂપ ગ્રંથ અવશ્ય હોવોજ જોઇએ, સદરહુ ગ્રંથ હાલમાં તૈયાર થવા આવ્યો છે, જેની કીંમત એક રૂપિઆ રાખવામાં આવેલ છે, જેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीड़ितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १२ ] वीर संवत २४४०, भाद्रपद, आत्म संवत् १९. [ अंक २ जो.

॥ ॐ ॥

॥ श्रीवीर जिनेंद्राय नमः ॥

## वार्षिक क्षमा याचना.

( મન્દાક્રાન્તા-વૃત્ત. )

કીધાં જે જે વિપરીત પણે કૃત્ય હે ! ભ્રાતુ ! ગર્વે,
માફી ચાહે સકલ અધુના આજ વાર્ષિક પર્વે;
જૈનો કેરી સરસ જગમાં એહિ રીતી ગણીને,
મૈત્રી ભાવે અરજ અમચી માફી અર્પો સુણીને. ૧

ભાદ્રપદ શુકલ ચતુર્થિ.
વીર સંવત ૨૪૪૦ આત્મ. સંવત ૧૯.

શ્રી. જૈન આત્માનંદ સભા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ॐ ॥

## सत्य विद्या स्वरुप.

( દેશી-કડખાની )

જેહ અનિત્ય અશુચિ અનાત્મતા, એહમાં નિત્ય શુચિ આત્મ બુદ્ધિ;
**યોગાચાર્યો** કહે એહ **વિદ્યા** નહિં, તત્ત્વતઃ બુદ્ધિ **વિદ્યા** એ શુદ્ધિ. જેહ. ૧
નિત્ય નિજ આતમા જેહ દેખે ભવિ, સંગ સહુ અપર અનિત્ય પેખે;
**મોહ** તસ્કર તિંહા છળવા અતિ યુક્તિઓ, ફેરવે તદપિ શક્તિ ન લેખે. જેહ ૨
ચપલ જલ તરંગ વત્ લચ્છી જાણે વળી, આયુ વાયુ પરે સ્થિર નાંહિ;
ઘન ઘટા સમ વપુ પલકમાં વીણશસે, એહવિ પુષ્ટ બુદ્ધિ છે જયાંહિ. જેહ. ૩
શુચિ સહુ વસ્તુને અશુચિ કરનાર છે, ઉદ્ભવ જેહનો અશુચિ માંહિ;
એહ આ દેહને જલ વડે શૌચતા, માનવી એહ મૂઢાત્મતા હિ........ જેહ. ૪
જેહ સમતા તણા કુંડમાં નાહિને, કર્મ મળ દૂર કાઢે અશુચિ;
પુનર્મો લિન્યતા તેહમાં નવિ ઘટે, એહ શુદ્ધાતમા પરમ શુચિ........ જેહ. ૫
આત્મીય બોધ એ પાશ છે અતિ નવો, દેહ અને ગેહ એ આદિ માંહિ;
એહમાં ફેંકતા આત્મીય ભાવથી, સ્વસ્ય બંધાય એ પાશ માંહિ....., જેહ. ૬
યુક્ત ષટ્ દ્રવ્યો પરસ્પર પેખીએ, સંક્રમે પણ નહીં એહ આશ્ચર્ય;
માત્ર એ જ્ઞાન પરિણામથી જગતમાં, અનુભવે એહ વિદ્વાન વર્ય..... જેહ ૭
**વિદ્યા** અંજન વડે **જ્ઞાન** દૃષ્ટિ ખીલે, તિમિર અજ્ઞાનનો ધ્વંસ હોવે;
તેથી **પરમાત્મતા આત્મમાં** પેખશે, એહ **યોગી** જગ **વંદ્ય** હોવે. જેહ. ૮

( જીજ્ઞાસુ ઉમેદવાર. )

**શ્રીમદ્ પન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજનું**

## વ્યાખ્યાન ૨ જું.

( ગતાંક પૃષ્ટ ૧૪ થી ).

### શ્રી પરમદેવ ગુરૂનું વિશેષ સ્વરૂપ.

**શ્રીમાન્ ગાયકવાડ સરકાર મહારાજા !**

આપની ધર્મ વિષયક શ્રવણાભિલાષા થવાથી પ્રથમ-દેવ ગુરૂ અને ધર્મના સંબંધે બે અક્ષરો અમોએ કહી બતાવ્યા હતા. તે વિષય તદ્દન સામાન્ય માત્ર હોવાથી સંતોષ ન થાય તે વાસ્તવિકજ હતું; અનેક પ્રકારની રાજ્યની પ્રવૃત્તિઓ હોવા છતાં આપશ્રીએ ફરીથી જૈનધર્મના સ્વરૂપને જાણવાની ઇચ્છા દર્શાવી તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમો આનંદિત થયા છીએ, પરંતુ જો કે તેવા પ્રકારથી સમજાવવાની મારી શક્તિ નથી તો પણ ગુરૂકૃપાથી પૂર્વના કથનમાં કિંચિત્ સ્પષ્ટપણું કરવાને ધારૂં છું. વિચાર કરવો તે તો આપ બુદ્ધિમાનોને આધીન છે.

## ॥ मंगलाचरणं ॥

॥ रागद्वेषविजेतारं, भेत्तारं कम्मभूभृतां ।
ज्ञातारं विश्वतत्त्वानां, वंदे तद्गुणलब्धये ॥

અર્થ—રાગ અને દ્વેષાદિક આત્માના શત્રુઓ જેણે જીત્યા છે, અને કર્મરૂપી પર્વતો જેણે ભેદી નાખ્યા છે, અને જગતના તત્વો જેણે જાણ્યા છે, તેવા શ્રી સર્વજ્ઞ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. તે એટલાજ માટે કે તેમના ગુણોની પ્રાપ્તિ અમો-ને પણ થાય. ॥ ૧ ॥

## તે દેવ ક્યારે અને કેવી રીતે થયા, તેનો વિચાર.

**કાળના વિભાગ.**

જેવી રીતે બીજા શાસ્ત્રકારો સત્યુગ ૧ દ્વાપર ૨ ત્રેતા ૩ અને કલિયુગ ૪ માને છે તેવી રીતે જૈનશાસ્ત્રોમાં પણ કાળના બે વિભાગ કહેલા છે. એક ઉત્સર્પિણી, ( ચઢતો આંટો ) અને બીજો અવસર્પિણી ( ઉતરતો આંટો ) તેમાં પણ એકેકના છ છ વિભાગ કહેલા છે, પરંતુ સત્યુગાદિકના કાલમાનથી ઘણો ફેરફાર છે, તે વિષય વિસ્તારયુક્ત આ પ્રસંગે કહી શકાય નહિ. તે બંને પ્રકારના કાળને એક ચક્ર કહે છે. આ સૃષ્ટિ અનાદિ અનંતરૂપે હોવાથી તેવા ચક્ર અનંતા થઇ ગયાં છે અને આગળ પણ અનંત ચક્ર થશે, તે ઉત્સર્પિણીના અને અવસર્પિણીના છ છ વિ-ભાગના મધ્યમ કાળમાં તેવા પરમ દેવ ચોવીસ ચોવીસ નિયમબંધ, થયા કરે છે.

શ્રી રત્નશેખસૂરિ મહારાજે ક્ષેત્રસમાસને બિષે કહ્યું છે કેઃ—

॥ काल दुगे ति चउत्था, रगेसु एगुण नवइपक्के
सेसगएसु सिज्झंति, हुंति पढमंतिम जिणिंदा ॥ १ ॥

અર્થ—તે બંને પ્રકારના કાળમાં જે છ છ વિભાગ બતાવ્યા હતા, તેમાં પ્રથમ અવસર્પિણીના ત્રીજા વિભાગમાં નેવ્યાસી ( ૮૯ ) પક્ષ બાકી રહે તે વખતે તથા ચોથા વિભાગના નેવ્યાસી (૮૯) પક્ષ બાકી રહે તે વખતે અનુક્રમે પહેલા અને ચોવીશમા પરમદેવ મોક્ષે જાય, એજ પ્રમાણે ઉત્સર્પિણીના ત્રીજા વિભાગના તેમજ ચોથા વિભાગના પણ નેવ્યાસી (૮૯) પક્ષ જાય તે વખતે અનુક્રમથી પહેલા અને ચોવીશમા પરમદેવનો જન્મ થાય. જેમકે રાજા મહારાજાદિકના જન્મ સમયે ઉચ્ચનિચાદિક ગ્રહો યથાયોગ્ય મળી આવે છે, તેમજ આ વિષયના કાળને પણ સમજવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પરમદેવ કેવી રીતે થયા તેનો વિચાર.

જે જીવ પરમદેવ થાય તે એકના એક છે એમ ન સમજવું, પણ જે જે જીવે પૂર્વના કોઇક ઉત્તમ ભવમાં પરમ દેવ, અને તેવા ગુરૂના કથનથી યથાર્થ તત્ત્વોની શ્રદ્ધા કરી છે. પછી તે ભવમાં અથવા તો તેવા બીજા અનેક ભવોમાં તેવા પરમ દેવનો અથવા તેવા ગુરૂનો સંયોગ મળી જવાથી--તેવા યથાર્થ તત્વોનું વિશેષ જાણપણું કરીને, તેવા પ્રકારની કોઇ અલૌકિક સેવા બજાવી તેવા પ્રકારના કોઇ અલોકીક શુભ આચરણ આચરવાથી આત્માને અધિક દરજ્જે ચઢાવેલો છે તેવો ઉત્તમ જીવ, સર્વથા મુકત થવાના ભવમાં પણ કોઇક રાજવંશીય ઉત્તમ કુળમાં જન્મ લે છે, તે વખતે પણ પૂર્વના ભવમાં મેળવેલાં જે મતિજ્ઞાન ૧ શ્રુતજ્ઞાન ૨ અને અવધિજ્ઞાન ૩ (આ જ્ઞાનોનું સ્વરૂપનું વિવેચન ઘણું લંબાણ હોવાથી પ્રસંગોપાત આગળ ઉપર કહેવામાં આવશે.) હોય તે ત્રણે જ્ઞાનસહિતજ જન્મ લે છે. તેથી વગર ભણે બીજા જીવોને અતિ ચમત્કાર પ્રાપ્ત થાય તેવા જ્ઞાનવાળાજ હોય છે. જેમકે---અવસર્પિણીના ત્રીજા વિભાગમાં પ્રથમ પરમદેવ ઋષભદેવ થયા તેમનું ટુંક સ્વરૂપ નીચે મુજબ---

**ઋષભદેવનું ટુંક વર્ણન.**

ઋષભદેવ ભગવાન થવાના પહેલાં તેરમા ભવ ઉપર ધના સાર્થવાહ મહર્દ્ધિક વ્યવહારી હતા, તેમણે મોટી અટવીને ઉલ્લંઘન કરી બીજા શહેરમાં જવાની વખતે ઉદ્ઘોષણા કરાવી કે જેને વસંતપુર શહેરમાં આવવાની ઇચ્છા હોય, તે સુખેથી આવે. તેમને સર્વ પ્રકારની સગવડ કરી આપીશું. તે અવસરમાં મહા મુનિઓનો પણ જવાનો વિચાર થયો. શેઠને ત્યાં બે મુનિઓને મોકલીને સાથમાં રહેવાની માગણી કરી. શેઠે પણ કહ્યું જે હું આપની સગવડતા રાખીશ, સુખેથી પધારજો. તે વખતે શેઠને ત્યાં કેરીઓનું ભેટણું આવેલું હતું તેમાંથી કેટલીક આપવા માંડી, પરંતુ તે મુનિઓએ કહ્યું જે વિશેષ પ્રકારનો સંસ્કાર થયા વિના બીજ સહિત વસ્તુનો અમો અંગીકાર કરતા નથી. આથી શેઠના મનમાં અતિ ચમત્કાર પ્રાપ્ત થયો. તેથી આગ્રહ પૂર્વક કહ્યું કે આપ અવશ્ય પધારી મને પાવન કરશો ઇત્યાદિ, ગરમીનાં દિવસોમાં ચાલતી વખતે સાધુએ પણ સાથમાં થઇ ગયા. રસ્તામાં મોટો વરસાદ થવાથી જંગલમાંજ પડાવ નાંખવો પડયો. સાધુઓ પણ એકાદ ઝુંપડામાં રહીને નિર્વાહ કરી રહ્યાં છે. રાત્રિના સમયે ફરીથી વરસાદની મોટી ગર્જના વખતે શેઠ વિચાર કરે છે કે મારા સાથમાં કોણ કોણ છે અને કેવી રીતે નિર્વાહ કરતા હશે ? ઇત્યાદિ વિચાર કરતાં તે મહા મુનિઓના તરફ લક્ષ પહોંચવાથી પશ્ચાત્તાપમાં પડી ગયો. મેં સગવડતા રાખવાનું કહેલું છતાં એકવાર પણ ખબર લઈ શકયો નથી. તે મહાત્માઓની પાસે કોઇ પ્રકારનું સાધન પણ નથી. કેવી રીતે નિર્વાહ કર્યો હશે ! હું તે મહાત્માઓને મુખ પણ કેવી રીતે દેખાડી શકું ? એ વિચાર પોતાના ખાસ મિત્રને કહી બતાવ્યો. મિત્રે કહ્યું જે ભૂલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ તેની હરકત નથી. પણ મુનિઓની પાસે તો અવશ્ય જવું. તે કોપ કરે તેવા નથી. છેવટે તે મિત્રની સાથે જઇને નમસ્કાર કર્યો. નીચું મુખ રાખી અપરાધીની પેઠે કહેવા લાગ્યો કે—" હે મહારાજ ! હું આપની સંભાળ બિલકુલ રાખી શક્યો નથી, તેથી મારા અપરાધની ક્ષમા કરશો. મુનિઓએ જવાબ દીધો જે તમારા સાથમાંથી અમારો નિર્વાહ સારી રીતે થયા કરે છે, વાસ્તે કોઇ બીજો વિકલ્પ કરશો નહિ, ઈત્યાદિ અનેક આલાપ સંલાપ થતાં શેઠના મનને પણ સંતોષ થયો. પછી ભોજનના માટે આગ્રહ કરી એ મુનિઓને લઈ ગયા. ભવિતવ્યતાના યોગથી ભોજનની તૈયારી ન હોવાથી અત્યંત ઝાંખો પડી ગયો અને વિચાર કરવા લાગ્યો જે, હું આજ સુધી કાંઇપણ કરી શક્યો નથી અને આજે પણ તેવો અવસર આવી બન્યો. ફરીથી પણ મુખ કેવી રીતે બતાવી શકીશ ? ઈત્યાદિક વિકલ્પો કરતાં ધૃતનું ભાજન નજરે પડયું, તેમાંથી ધૃત આપવાની ઇચ્છા દર્શાવી. મુનિઓએ પણ તેવો પ્રકાર જોઇને પાત્ર ધર્યું. હર્ષોલ્લાસના વશથી પાત્ર ભરીને ઘણા ખુશી થયા. પછી તે મુનિઓનો વિશેષ પરિચય અને વારંવાર તેમના ઉપદેશનું શ્રવણ કરતાં અધિક શ્રદ્ધાવાન થઇ કેટલાંક તત્ત્વોને પણ સમજ્યા. એવી રીતે ધર્મ વિષયક પરિણામના યોગથી ઉત્તરોત્તર બાર ભવ સુધી દેવતાની ગતિનાં તેમજ મનુષ્યની ગતિનાં અધિક અધિક સુખને ભોગવીને આ અવસર્પિણીના ત્રીજા વિભાગમાં નાભિરાજાની મહારાણી મરૂદેવીની કુક્ષીરૂપ સરોવરમાં હંસરૂપે ઋષભદેવપણે ઉત્પન્ન થયા. તેમણે (૧૮) લીપિ અને અનેક કલાદિક આ દુનિયાનો વિશેષ વ્યવહાર ચલાવ્યો. તેમને ભરતાદિક સો પુત્રો હતા. જેના નામથી આ ક્ષેત્રનું નામ પણ ભરત પડેલું છે. જેમનું ચરિત્ર ભાગવતમાં પણ જૈન ગ્રંથોથી ફેરફારપણે લખાયલું છે.

એ ઋષભદેવ ભગવાનને પિતામહાદિક અનેક પ્રકારનાં બિરૂદ પણ મહાત્માઓના તરફથી પ્રાપ્ત થયેલાં છેઃ—

१ घणसथ्थवाह जम्मे, जं धय दाणंकयं सुसाहूणं ।
तक्कारण मुसभजिणो, तेलुक्क पियामहो जाओ । १ ।

અર્થ—ધના સાર્થવાહ નામના તેરમા ભવમાં જે ઉત્તમ સાધુઓને ધૃતનું દાન આપ્યું તે કારણથી ઋષભદેવ ભગવાન ત્રણ લોકમાં પિતામહના બિરૂદને પ્રાપ્ત થયા. તે પરમ તત્વોના શ્રદ્ધાનનો અને તે પરમદેવની અને તેવા મહા મુનિઓની સેવા, તેમજ તેવા અલૌકિક આચારના પાલનનોજ પ્રતાપ સમજવો.

ઇત્યાદિક ચોવીશ પરમ જીવો પૂર્વના ભવોમાં સત્ય પદાર્થોના શ્રદ્ધાનના યોગથી નાના પ્રકારના સદાચરણો સેવીને પરમદેવની પદવીના અધિકારીઓ થયા

૧ શ્રાદ્ધગુણવિવરણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેમની શ્રદ્ધા અને કર્ત્તવ્યોનો વિશેષ વિચાર ત્રિષષ્ઠીય ચરિત્ર નામના ત્રીસ હજાર શ્લોક પ્રમાણ ગ્રંથના શ્રવણથી જાણી શકાય તેમ હોવાથી તે ગ્રંથ વાંચવાની ભલામણ કરૂં છું.

હવે તે પરમ દેવો સર્વથા મુકત થવાના ભવમાં ત્રણ જ્ઞાન યુકત હોવાથી પૂર્વના ભવોમાં અનુભવેલાં સાધુનાં કર્ત્તવ્યોને અંગીકાર કરતી વખતે પણ મનઃપર્યવ નામના ચોથા જ્ઞાનને પ્રાપ્ત કરીને પછી આત્માના તીવ્ર પરિણામના યોગથી જ્ઞાનાદિકના ઘાતક જે અલિષ્ઠ કર્મો છે, તેનો નાશ કરીને સર્વ તત્વોનું સ્વરૂપ બતાવીને પછી સર્વ જીવોના હિતને માટે જીવાદિક યથાર્થ તત્વોનું સ્વરૂપ બતાવીને પછી સાધુ ધર્મનો ઉપદેશ અને તેમાંથી કઠીન ભાગ બાદ કરીને ગૃહસ્થોના ધર્મનો પણ ઉપદેશ કરી ગયા છે. જીવાદિક તત્વોનો વિષય અતિ ગંભીર અને મહાન હોવાથી અત્રે કહેવામાં આવશે નહિ. માત્ર અનુક્રમથી સાધુ અને ગૃહસ્થોનો સામાન્યપણે આચાર કહીએ છીએ.

## પ્રથમ સાધુના આચારનું સ્વરૂપ.

महाव्रतधरा धीरा भैक्षमात्रोपजीविनः ।
सामायिकस्था धर्म्मोपदेशका गुरवो मताः ॥ १ ॥

અર્થ—પંચમહાવ્રતોને ધારણ કરી પાલન કરનારા, અનેક સંકટોમાં પણ ધૈર્ય નહિ છોડનારા, ધારણ કરેલાં વ્રતોમાં દૂષણ નહિ લગાડનારા, આપણા માટે કરાવીને ભોજન પણ નહિ લેનારા, માત્ર ધર્મસાધનમાં ઉપયોગી થાય તેટલા પુરતી શરીરની રક્ષા માટે તૈયાર થયેલા આહારને લાવીને નિર્વાહ કરનારા, વસ્ત્રાદિક પણ મર્યાદાથી અધિકપણે સંગ્રહ નહિ કરનારા, રાગદ્વેષાદિકની પરિણતીથી રહીત મધ્યસ્થ વૃત્તિને ભજનારા, માત્ર જીવોના કલ્યાણ માટે ગામ નગરાદિકોમાં મર્યાદા પૂર્વક રહીને પરમદેવ કથિત ધર્મનો યથાર્થપણે ઉપદેશ આપીને ધર્મમાં સ્થિર કરનારા મહામુનિઓ હોય છે.

## મહાવ્રતોનાં નામ.

॥ अहिंसासत्यमस्तेय ब्रह्मचर्यापरिग्रहः
पंचभिः पंचभिर्युक्ता, भावनाभिर्विमुक्तये २

અર્થ—અહિંસા–સર્વ જીવ ઉપર દયા ૧ સૂનૃત–સત્યવચન ૨ અસ્તેય–ઉચિત વસ્તુ પણ માલીકના દીધા વગર નહિ લેવી ૩ બ્રહ્મચર્ય–સર્વથા સ્રી સેવનથી વિરકત ૪ અપરિગ્રહ–ધન ધાન્યાદિકના ત્યાગી ૫. એ પાંચેને મહાવ્રતો કહે છે. એ અકેકની પાંચ પાંચ ભાવનાઓ છે. એ પાંચ મહાવ્રતો અને એ પાંચ મહાવ્રતોની પચીશ ભાવનાઓ મોક્ષના અર્થી સાધુ અવશ્ય પાલન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અહિંસાનું સ્વરૂપ.

न यत् प्रमाद योगेन, जीवितव्यपरोपणं
त्रसानां स्थावराणांच, तदहिंसा व्रतं मतं ॥ ३ ॥

અર્થ—હાલતા ચાલતા બે ઇંદ્રીયાદિક જીવો ત્રસપણે કહેલા છે અને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવોને સ્થાવર કહેલા છે, તેમનો રાગ, દ્વેષ, અજ્ઞાનાદિક જે પ્રમાદો છે, તેના વશ થઇને ઘાતાદિકથી નાશ ન કરે તેનું નામ અહિંસા વ્રત કહેલું છે. ૩

## સત્ય વચનનું સ્વરૂપ.

॥ प्रियं पथ्यं वचस्तथ्यं, सूनृतव्रतमुच्यते
तत्तथ्यमपि नो तथ्य मप्रियं चाहितं च यत् ॥ ४ ॥

અર્થ—જે વચન બોલવાથી બીજા જીવને આનંદ થાય તેનું નામ પ્રિય, અને જે વચન તે જીવને સદા હિતકારક હોય તેનું નામ પથ્થ છે. તેવું યથાર્થ વચન હોય તેનું નામ સત્યવ્રત કહેલું છે. પરંતુ જે વચન વ્યવહારથી સત્ય હોય છતાં બીજાના હૃદયને ભેદન કરનારૂં હોય તો તે સત્યરૂપે ન સમજવું. જેમકે—કાણાને કાણો, કોઢીયાને કોઢીયો ઇત્યાદિક વરજીને બોલવું તેને સત્યવ્રત કહેલું છે. ૪

## અસ્તેયનું સ્વરૂપ.

[1]॥ अनादानमदत्तस्या, स्तेयव्रतमुदीरितं ।
बाह्याः प्राणा नृणामर्थो, हरता तं हृता हि ते ॥ ५ ॥

અર્થ—કોઇ પણ પદાર્થને માલિકના આપ્યા વિના લેવો નહિ, કારણ કે ધનાદિક પદાર્થો મનુષ્યના બાહેરના પ્રાણો છે, તેથી બીજાના ધનાદિકને હરણ કરનારે તેના પ્રાણોનુંજ હરણ કર્યું ગણાય; તેથી દીધા વગર નહિ લેવાનો જે નિયમ તેનું નામ અસ્તેયવ્રત કહેલું છે. ॥ ૫ ॥

## બ્રહ્મવ્રતનું સ્વરૂપ.

[1]दिव्यौदारिक कामानां, कृताऽनुमतिकारितैः
मनोवाक्कायतस्त्यागो, ब्रह्माष्टादशधामतं ॥ ६ ॥

અર્થ—દેવતાના શરીર સંબંધી ૧ તથા ઔદારિક શરીર તે મનુષ્ય ૨ અને તિર્યંચ (અર્થાત્ પશુ) ૩ સંબંધી કામભોગ એટલે વિષય સેવન કરવું ૪ તેમજ બીજા પાસે કરાવવું ૫ તેમજ વિષય સેવન કરનારને સારા છે એમ કરીને માનવું ૬ એ છએ ભેદોને મન ૧ વચન ૨ અને કાયા ૩ થી ગુણીએ તો

૧ શ્રી હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અઢાર ભેદ થાય. તે બધાએ પ્રકારથી મૈથુન સેવન કરવાનો ત્યાગ તેનું નામ બ્રહ્મચર્યવ્રત કહે છે. ॥ ૬ ॥

## પાંચમાં વ્રતનું સ્વરૂપ.

१॥ सर्वभावेषु मूर्छाया स्त्यागः स्यादऽपरिग्रहः ।
यद्सत्स्वपि जायेत, मूर्छायाश्चित्तविप्लवः ॥ ७ ॥

અર્થ—નાના પ્રકારના જે પદાર્થો છે તેના ઉપર જે મમત્વ ભાવ નહિ કરવો તેનું નામ અપરિગ્રહવ્રત કહે છે. તેનું કારણ એ છે કે વસ્તુ ( પદાર્થ ) નહિ હોવા છતાં પણ જીવોને આત્માની અંદર તીવ્ર મૂર્છાઓ લાગેલી જ હોય છે તેથી જે મહાત્માઓએ પોતાના શરીર માત્રની ઉપર પણ મૂર્છા રાખી નથી, તેજ પુરૂષો ખરા ત્યાગી ગણાય. જો એમ કહેવામાં ન આવે તો કુતરાં બિલાડાં પણ ત્યાગીની ગણત્રીમાં આવી. જાય ॥ ૭ ॥

એ પાંચ મહાવ્રતનું સ્વરૂપ કહ્યું. હવે પચીસ ભાવનાનું કિંચિત સ્વરૂપ દર્શાવીએ છીએ.

## પ્રથમ મહાવ્રતનું રક્ષણ કરવા માટે આ પાંચ ભાવનાઓ ભાવે.

**મનોગુપ્તિ**—પાપ કાર્ય સંબંધી વિચારમાંથી મનને હઠાવવું તેનું નામ મનોગુપ્તિ. સાધુ સૂક્ષ્મ યા સ્થૂલ કોઈ પણ પ્રાણીની હિંસાથી મુક્ત છે, તેણે પ્રથમ પોતાના મનને અવશ્ય દબાવવાની જરૂર છે. પ્રાણી મને કરી હિંસાનું ચિંતવન કરે છે, અને જો કે કાયાએ કરી હિંસા કરતો નથી, તો પણ તે હિંસાથી થનારા કર્મને ઉપાર્જન કરે છે. કહ્યું છે કે—

॥ मन एव मनुष्याणां, कारणं बंधमोक्षयोः ।
बंधाय विषयासंगी, मुक्त्यै निर्विषयं पुनः ॥ १ ॥

અર્થ—મન જ્યારે ઇંદ્રિયોના વિષયોમાં આશકત થાય છે ત્યારે કર્મબંધનું કારણ થાય છે અને જ્યારે ઇંદ્રિયોના વિષયથી વિમુખ થઇ નિર્વિષયી થાય ત્યારે મોક્ષનું કારણ થાય છે, માટે મનુષ્યને મન છે તેજ કર્મબંધનું તથા કર્મથી મુક્ત થવાનું પ્રબળ કારણ છે.

તેના પ્રસન્નચંદ્ર રાજર્ષિ આદિ અનેક દ્રષ્ટાંતો જૈન સિદ્ધાંતમાં દર્શાવેલ છે, વળી એક મુનિવર પોતાના આત્માને ઉદ્દેશીને કહે છે કે—

कुकर्मजालैः कुविकल्पसूत्रजै, र्निबध्य गाढं नरकाग्निभिश्चिरम् ।
त्रिसारवत् धक्ष्यति जीव हे मनः, कैवर्तकस्त्वामिति मास्य विश्वसीः ॥१॥

---

૧ શ્રી હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—હે જીવ, અનેક કુવિકલ્પરૂપ સુત્રે ઉત્પન્ન થએલી, કુકર્મરૂપી જાળોથી ગાઢ બાંધી લેઈ, નરકરૂપ અગ્નિવડે મચ્છની પેઠે આ મનરૂપ માછી તને બાળશે; માટે એનો વિશ્વાસ ન કરીશ.

પ્રાણીને કોઇ પણ કાર્ય કરવું હોય છે ત્યારે પ્રથમ તત્સંબંધી વિકલ્પો અવશ્ય કરે છે, અને વિકલ્પોએ કરી તેને દૃઢ કરે છે. જે કાર્ય સંબંધી વિકલ્પો થોડા તે કાર્ય કરવાનો આગ્રહ પણ ઘણું કરી થોડો હોય છે. જે કાર્ય સંબંધી વિકલ્પો અધિક, તે કાર્ય કરવામાં આગ્રહ પણ દૃઢ હોય છે. માટે હિંસાકારી કુવિકલ્પમાં કદી પણ સાધુ મન પ્રવર્તાવે નહિ. જેથી તેને હિંસારૂપ જાળમાં ફસાવવાનો સમય ન આવે, માટે કુવિકલ્પરૂપ પ્રવૃત્તિમાંથી મનને અટકાવી સુવિકલ્પ રૂપ પ્રવૃત્તિમાં જોડવું. કેવા પ્રકારના સુવિકલ્પમાં મનને જોડવું, તત્સંબંધી કિંચિત્ દિગ્દર્શનરૂપ જૈનીઓ પ્રાતઃકાળમાં જે શ્લોકોનું સ્મરણ કરે છે, તેમાંથી એક નીચે દર્શાવીએ છીએ.

[1]शिवमस्तु सर्वजगतः, परहितनिरताः भवंतु भूतगणाः ।
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखी भवंतु लोकाः ॥ १ ॥

અર્થ—જગતના સઘળાં પ્રાણીઓનું કલ્યાણ થાઓ. સર્વ પ્રાણી પરોપકારમાં આસક્ત હો. જગતમાંથી સઘળા દોષનો નાશ થાઓ. અને સર્વ ઠેકાણે પ્રાણીઓ સુખી થાઓ.

આ શ્લોકના સાર્થકમાં જ તે રાત્રી દિવસ પોતાના મનને પ્રવર્તાવે, પોતે તેવાં આચરણ કરે, બીજા કેવી રીતે તેવાં આચરણો કરે, તેનું ચિંતવન કરી પોતાને તેમના કલ્યાણનો જે માર્ગ દૃષ્ટિગોચર થાય તેમાં પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ દે; અને પોતાની અને પરની શુભ પ્રવૃત્તિમાં સંતોષ પામે. આ શ્લોક માત્ર દિગ્દર્શન રૂપ છે. એવા અનેક શ્લોકો મહોપકારી પૂર્વ પુરૂષો દર્શાવી ગયા છે. આવા પ્રકારની પ્રવૃત્તિમાં જેનાં મન, વચન અને કાયા પ્રવર્તમાન છે, તેજ પ્રાણી સ્વપરનું હિત કરવા સમર્થ થાય છે. તથા તેજ પ્રાણી પોતાના સદૃશ બીજાને જુવે છે, અને તેથી તેજ **आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति** એ વચનને સાર્થક કરે છે.

આ પ્રથમ ભાવનાનું સ્વરૂપ કહ્યું. હવે બાકીની ભાવનાઓ તથા ગૃહસ્થના આચારનું સ્વરૂપ અગાડીના બીજા ભાષણમાં કહીશ. ઇત્યલં.

૧ બૃહત્ શાંતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# दुःखाद्धर्मः

## દુઃખથી શું ધર્મ પ્રાપ્ત થાય છે ?

### ( લેખક—મુનિ મણિવિજયજી મુ—લુણાવાડા. )

દુઃખ—એટલે આપત્તિ, વિપત્તિ તથા પીડા તેનું નામ દુઃખ કહેવાય છે. અને તે દુઃખ ત્રણ પ્રકારનું છે. માનસિક, વાચિક, કાયિક.

માનસિક દુઃખ—કોઇયે કોઈ માણુસનો પરાભવ કર્યો હોય તેનો બદલો વાલી નહિ શકવાથી એટલે કોઇએ અવગુણ તથા અપરાધ તેમજ અપકાર કર્યો હોય તેનો બદલો નહિ વાળી શકવાથી એટલે સામો અપકાર કરવાની શક્તિ નહિ હોવાથી રાત્રિ દિવસ નિરંતર આર્ત્ત, રૌદ્ર ધ્યાનમાં વ્યાપ્ત થઈ અનેક પ્રકારનાં સંકલ્પ વિકલ્પને કરતો પોતાના આત્માને દુઃખ તેમજ ચિંતાજાળને વિષે નાખે છે; તે માનસિક દુઃખ કહેવાય છે.

વાચિક દુઃખ—કોઇયે કઠોર તેમજ કર્કશ તેમજ નિષ્ઠુર તથા મર્મને ભેદી નાખનારા વચનો વડે કરી કોઇને વિંધી નાંખ્યો હોય અને આવા માઠા તેમજ દુર્વચનોથી વિંધાયેલ માણુસ કુલીન કહેતા સારા કુળનો હોય, તે પોતાના કુલીનપણાના સ્વભાવથી સામા માણુસને દુર્વચનો વાળવાને અશક્ય હોય એટલે દુર્જન જેમ એલફેલ બોલે છે, તેમ કુલીન લગાર માત્ર પણ બોલી શકતો નથી. તેથી દુર્વચનોનો આઘાત પાછો નહિ કરી શકવાથી રાત્રિ દિવસ અત્યંત ખેદ પામતો પોતાના આત્માને ચિંતાસાગરને વિષે પાડે છે, તે વાચિકદુઃખ કહેવાય છે.

यतः—

मुहुत्त दुक्खाउ हवंतिकंटया, अओमया तेवितओसु उद्धरा,
वा या दुरुत्ताणि दुरुद्धराणि, वेराणुबंधीणि महा भयाणि. ॥१॥

ભાવાર્થ—પરના દુર્વચનો વડે કરી વિંધાયેલો માણુસ ચિંતવના કરે છે કે કાંટા વાગ્યા હોય તે સારા, પરંતુ દુર્વચનો સારા નહિ. કારણ કે કાંટા વાગેલા હોય તે તો મુહુર્ત્ત કહેતા બે ઘડીજ દુઃખ આપે છે તથા તેનો ઉદ્ધાર હું સુખેકરી કરી શકું. એટલે કાંટા વાગેલા હોય તેને તો હું કાઢી શકું, પરંતુ દુર્વચનો મને વાગ્યા છે અર્થાત્ દુર્વચનોનો વર્ષાદ મહારા ઉપર તુટી પડયો છે, તે દુઃખે કરીને ઉદ્ધાર કરી શકાય તેવા છે અર્થાત્ કાંટા જીરવી શકાય પણ વચનબાણો કોઇ દિવસ મસ્તકના તેમજ હૃદયના મર્મમાંથી જતા નથી. આવા દુર્વચનો શરીર થકી દુર નહિ થવાથી ભવાંત્તરને વિષે પણ વૈરને બાંધવાવાળા તેમજ મહા ભયને કરવાવાળા થાય છે. અર્થાત્ ભવાંત્તરમાં પણ મહા ભયંકર વૈર વાળનારા થાય છે. વળી પણ કહ્યું છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यतः—

**समावयंतावयणाभिघाया, कणंगया दुम्मणि यं जणंति,**
**धम्मोत्तिकिच्चापरमग्गसूरे, जिइंदिओजोसहइसपुंज्जो ॥ ३ ॥**

ભાવાર્થ—સમકાળે પડેલા એવા વચનોના અભિધા તો જે તે એટલે કોઇ માણસે વરસાવેલા એવા દુર્વચનો જે તે કાનને વિષે પ્રવેશ કરવાથી દુર્મનસ્કપણાને એટલે મનના કાલુષ્યપણાને ઉત્પન્ન કરે છે, પરંતુ મુક્તિમાર્ગને વિષે શૂરવીર થયેલા જે તે પરિષહ સહન કરવાનો ધર્મ છે, એમ જાણી સહન કરી જીતેંદ્રિય થઇ સહન કરે છે, તેજ પૂજ્ય કહેવાય છે. અર્થાત્ દુર્જનો પરમાર્ગમાં કુશળ હોય છે. કારણકે, દુર્જનોનો પર અવગુણ બોલવાનો ધર્મ જ રહેલો છે, એટલે તેને લખી દીધેલું છે. કોણે કે તેની દુર્જન પ્રકૃતિયે; તેથી તે પરમાર્ગમાં કુશળ હોય છે, છતાં પણ કુલીન માણસ વચનથી અપકારનો બદલો નહિં વાળી શકવાથી શોકસાગરમાં ડુબકા મારે તે વાચિકદુઃખ કહેવાય છે.

કાયિક દુઃખ—કાયા એટલે શરીર અને તે સંબંધી જે દુઃખો ઉત્પન્ન થાય તે કાયિક દુઃખ કહેવાય છે, જેમકે રોગોને વિષે ૧૩ પ્રકારના જ્વરો કહેતા તાવ તથા ૫૦૦ પ્રકારના સન્નિપાતો તથા ૮૪ પ્રકારના આમવાયુ તથા ૩૬ પ્રકારના વાયુ તેમજ ૮૪ પ્રકારના મહાવાયુ તથા ૧૮ પ્રકારના અન્ન ભક્ષણ વિકાર તથા ૫ પ્રકારના સ્ફોટકાદિ તથા ૫ પ્રકારના ગુલ્મ તથા ૨૦ પ્રકારના ક્ષયરોગો તથા ૨૦ પ્રકારના શ્લેષ્માદિ તથા ૮ પ્રકારના પ્રમેહ તથા ૧૦૭ પ્રકારના ઉદરવ્યાધિ તથા ૭૬ પ્રકારના વ્યાધિ તથા ૧૦૮ પ્રકારના ચક્ષુરોગ વિગેરે અનેક પ્રકારના રોગો તથા અકાળ મૃત્યુ તેમજ પરકૃત મારણાદિક પીડા તેમજ તિર્યંચ તથા નર્કને વિષે પણ છેદન, ભેદન, તાડન, તર્જન, ક્ષુત્, પિપાસાદિક અનેક પ્રકારનું દુઃખ તેમજ દેવતાને વિષે પણ મહાદુઃખ રહેલાં છે, ઇંદ્રાદિક મહા દેવોએ અપરાધ આવ્યા થકી મારવા માટે છોડેલું વજ્ર શરીરાદિક ઉપર પડવાથી છિદ્રો પડે છે ને તેથી તેની વેદનાને સહન કરવું વિગેરે મહા દુઃખો દેવતાને વિષે પણ કહેલા છે. વળી પણ કહ્યું છે—

अपरंच.

**इसाविसायमयकोहमायलोभेहिंएवमाईहिं,**
**देवाविसमभिभूआ, तेसिंकत्तो सुहंनाम ॥ १ ॥**

ભાવાર્થ—ઇર્ષ્યા, ખેદ, તથા મદ તથા ક્રોધ, માન, માયા, લોભ ઇત્યાદિવડે કરી પરાભવને પામેલા દેવોને પણ સુખનું નામ માત્ર ક્યાંથી જ હોય, અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્થાત્ હોય જ નહિ. કારણકે દેવોને પણ અનેક પ્રકારનાં દુઃખો રહેલા છે. વળી પણ કહ્યું છે—

## श्री उतराध्ययनेऽपि.

जम्म दुःक्खं जरा दुःक्खं, रोगादि मरणाणिअ,
अहो दुःक्खोहु संसारो, जत्थ कीस्संतिजंतुणो. ॥ १ ॥

ભાવાર્થ—જેને વિષે જન્મ, જરા અને મૃત્યુના તથા રોગાદિકના મહા દુઃખો રહેલા છે, તેમજ આધિ, વ્યાધિ તથા ઉપાધિ સંપૂર્ણ દુઃખોથી આ સંસાર ભરેલો છે, તેજ આશ્ચર્યની વાત છે. આવા દુઃખરૂપી સંસારને વિષે પ્રાણિયો કલેશને પામે છે.

વળી પણ જીવોને પરવશાદિ અનેક પ્રકારના મહા દુઃખો હોય છે. કહ્યું છે કે—

यतः—

ग्रामेवासो नायको निर्विवेकः, कौटिल्यानामे कपात्रं कलत्रं;
नित्यं रोगः पारवश्यंचपुंसा, मेतत् सर्वं जीवतामेव मृत्युः

ભાવાર્થ—ગામડાને વિષે વાસ કરવો તથા નાયક કહેતા સ્વામિ નિર્વિવેકી હોય તથા સ્રી કુટિલાઇનું તો કેવળ સ્થાન જ હોય અર્થાત્ વક્ર સ્વભાવવાળી હોય તથા નિરંતર શરીર રોગથી ગ્રસ્ત હોય, તથા પારતંત્ર એટલે પરવશાપણું હોય; આવા પુરૂષોને જીવતા છતાં મૃત્યુ જ છે એમ જાણવું. કારણ કે ઉપર બતાવ્યા પ્રમાણે હોવાથી માણસ જીવતા છતાં પણ મરણ પામેલો જ ગણાય છે.

આવી રીતે અનેક પ્રકારે દુઃખો હોય તે કાયિકદુઃખ કહેવાય છે.

એવી રીતે માનસિક, વાચિક તથા કાયિક દુઃખોને વિષે મગ્ન થયેલા પ્રાણિયો કેવળ દુઃખમય સંસારને વિષે લાંબા કાળ પર્યંત પર્યટન કર્યા કરે છે. આવા દુઃખદાયી સંસારને વિષે તો કેવળ દુઃખ જ છે તથાપિ કોઈ કોઇ જીવોને કાત્તિક શેઠના પેઠે વૈરાગ્યના હેતુભૂત થાય છે.

## कार्त्तिक श्रेष्टि दृष्टांतो यथा.

પૃથ્વીભૂષણ નગરને વિષે પ્રજાપાળ નામનો રાજા તથા કાર્ત્તિક નામનો શ્રેષ્ઠિ હતો. તે કાર્ત્તિક શેઠે સો વાર શ્રાવકની પ્રતિમાનું એટલે પડિમાનું વહન કર્યું હતું. એકદા ગૈરિક નામનો તાપસ માસોપવાસી ત્યાં આવ્યો તેથી કાર્ત્તિક વિના નગરીના સમગ્ર લોકો તાપસના ભક્ત થયા.

તેથી તાપસ કાર્ત્તિકના ઉપર રૂષ્ટમાન થયો. એકદા રાજાયે તાપસને પારણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે નિમંત્રણા કરી. ત્યારે તાપસે કહ્યું કે, કાર્ત્તિક ભોજન કરાવે તો ત્હારે ઘરે પારણું કરવા આવું. રાજાયે તે વચન અંગીકાર કર્યું.

ત્યારબાદ રાજાયે કાર્ત્તિકને કહ્યું કે મ્હારે ઘરે તું તાપસને ભોજન કરાવ, ત્યારે કાર્ત્તિકે કહ્યું કે હે રાજન્! તમારી આજ્ઞાથી હું તેને ભોજન કરાવીશ.

પછી કાર્ત્તિક જ્યારે તાપસને ભોજન કરાવવા લાગ્યો ત્યારે તાપસ નાસિકા ઉપર આંગળી લગાડી બોલ્યો. તું ધૃષ્ટ છે, દુષ્ટ છે. બિગેરે પ્રકારની ચેષ્ટા કરી.

તે દેખી કાર્ત્તિક વિચાર કરવા લાગ્યો, કે જો મેં પ્રથમ દિક્ષા લીધી હત તો મ્હારે આવો પરાભવ સહન કરવો પડત નહિ. ઇત્યાદિ ચિંતવનાને કરતો, સંસારના દુઃખને સંભારતો, વૈરાગ્ય રંગિત થઈ કાર્ત્તિક શેઠ દિક્ષા લેવા તત્પર થયો. અને કાર્ત્તિક શેઠે એક હજારને આઠ વણિક પુત્ર સાથે દિક્ષા લીધી. તથા નિરતિચાર પાળી કાળધર્મ પામી સૌધર્મ દેવલોકે ઇંદ્ર થયો. કહ્યું છે કેઃ—

**उक्तंच.**

**दहण अन्नतित्थि अपराभवं, भवभया उनिव्विन्नो,**
**नैगमअठसहस्सेण, परिवुडो कत्तिओ सिद्दी ॥ १ ॥**

ભાવાર્થ—અન્ય તિર્થિઓયે કરેલો પરાભવને દેખી અર્થાત્ કુતિર્થિયો થકી પરાભવને પામી ભવભયથી ઉદાસી ભાવને પામેલા કાર્ત્તિક શેઠે એક હજારને આઠ વણિક પુત્રોના પરિવારથી પરિવરેલો એટલે વ્યાપ્ત થયેલો કાર્ત્તિક શ્રેષ્ઠિ દિક્ષા લેવા સમર્થમાન થયો અને પ્રથમ દેવલોકે ઇંદ્ર થયો. વળી પણ કહ્યું છે કેઃ—

**यतः——**

**तवनियमेणय मुक्खो, दाणेणय हुंति उत्तमा भोगा,**
**देवच्चणेणरज्जं, अणसण मरणेण इंदत्तं. ॥ १ ॥**

ભાવાર્થ—તપ નિયમના કરવાથી મુક્તિ મળે છે, દાન આપવાથી ઉત્તમ પ્રકારના ભોગો પ્રાપ્ત થાય છે, દેવની અર્ચા કહેતા પૂજા કરવાથી રાજ્યની પ્રાપ્તિ થાય છે. અને અણસણ વડે કરી મરણ પામવાથી ઇંદ્રપણું પ્રાપ્ત થાય છે. એવી રીતે દુઃખ પણ કાર્ત્તિક શ્રેષ્ઠિને વૈરાગ્ય આપનારૂં થયું.

તેવીજ રીતે પ્રાણિ સંસારની અસારતાને ચિંતવનાને કરી જે પ્રાણિ વૈરાગ્યભૂષિત થઇ, ધર્મકરણિ કરે, તો મુક્તિના સુખને આસ્વાદન કરે તેમાં આશ્ચર્ય નથી.

**इति दुःखे कार्त्तिक श्रेष्टि संबंधः संपूर्ण.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આસ્રવ મિમાંસા.

## (૧)

## ( अध्यायी )

શુદ્ધ ચૈતન્ય ભાવથી વિલક્ષણુ એવા આત્માના શુભાશુભ પરિણામવડે શુભાશુભ કર્મોનું આત્મા પ્રતિ આગમન તેનું નામ "આસ્રવ" છે. શાસ્ત્રકારોએ આ "આસ્રવ" તત્ત્વના બે ભેદ પાડેલા છે. (૧) દ્રવ્યાસ્રવ અને (૨) ભાવાસ્રવ. પુદ્ગલકર્મ પરમાણુઓ આકર્ષાવા પૂર્વે આત્માના પરિણામ વિશેષ તે ભાવાસ્રવ છે. અને તે પરિણામના નિમિત્તે જડવર્ગણાનું આત્મા પ્રતિ આગમન તે દ્રવ્યાસ્રવ છે. વસ્તુતઃ દ્રવ્યાસ્રવ એ ભાવાસ્રવનો સ્થુળરૂપે બહિર્ભાવ જ છે. અને ખરી રીતે આત્માને તેની સંસારીપણાની અવસ્થામાં બાંધી રાખનાર તો ભાવાસ્રવ જ છે. તેનું સંસારીપણું જે પોષણ મેળવી રહ્યું છે, તે આ ભાવાસ્રવ વડે જ છે. જો તે આસ્રવરૂપી પોષણ બંધ કરવામાં આવે, તો આત્માને તેની સ્વાભાવિક સ્વરૂપ સ્થિતિ મેળવવામાં કાંઈ જ વિઘ્ન રહેતું નથી. જે પરિણામ વિશેષ વડે આત્મા પોતાના ભવભ્રમણમાં બંધાઇ રહ્યો છે, તે પરિણામમાં આત્મા પાંચ પ્રકારે પરિણમે છે. (૧) મિથ્યાત્વરૂપે, (૨) અવિરતિરૂપે, (૩) પ્રમાદરૂપે, (૪) કષાયરૂપે અને (૫) યોગરૂપે. બહુધા સંસારી આત્માને આ પાંચે પરિણામ એક સાથે હોય છે. અને જેટલા અંશે એ પરિણામોની ઉત્કટતા, તિવ્રતા, સમયસ્થિતિ અને અનુરંજીતપણું હોય છે, તેટલે અંશે તે અધિક અધિક સ્વભાવભ્રષ્ટ થઇ વિભાવ સ્થિતિમાં આવતો જાય છે. આત્મા જેમ જેમ ઉન્નતિક્રમમાં પ્રગતિ કરતો ચાલે છે, તેમ તેમ ઉપરોક્ત આસ્રવનાં કારણો મંદ થતા ચાલે છે. અને આખરે અનુક્રમે તદ્દન બંધ પડી જાય છે.

આત્મા જ્યારે તેના સ્વરૂપના ભાનમાં આવે છે, ત્યારે આસ્રવનું સૌથી મોટું નિદાન જે "મિથ્યાત્વ" તે ઉપશમી જાય છે, અથવા કોઇ સવિશેષ વીર્યવાન પુરૂષના સંબંધે તે ક્ષયભાવ પણ પામે છે. જૈન શાસ્ત્રકારે આ ભૂમિકા વિશેષ તે ચતુર્થ ગુણસ્થાનકના નામથી ઉદ્દેશી છે. અર્થાત તે ભૂમિકામાં આત્માને ન્યુનાધિક અંશે પોતાની સ્વરૂપ સ્થિતિ અવગત થાય છે. જો તે આત્મભાન નિર્મળ વિશુદ્ધ પર્યાયવાળુ અને આત્મા ઉપરના મિથ્યાત્વ આવરણના ક્ષયના પરિણામે પ્રગટેલું હોય છે, તો તે જ્ઞાન "ક્ષાયક સમ્યકત્ત્વ" ની સંજ્ઞાને પામે છે. અને તેમ ન હોતા તે ભાન દેહીક ભાવ મંદ પડી જવાથી, અથવા કાંઈ અંશે તે આવરણનો ક્ષય અને કાંઈ અંશે તેના ઉપશમથી થાય છે, તો તે જ્ઞાન અનુક્રમે "ઉપશમ સમ્યકત્ત્વ" અથવા "ક્ષયોપશમ સમ્યકત્વ" કહેવાય છે. આટલી હદે આવ્યા પછી આસ્રવના એક પ્રબળ નિમિત્તનો નાશ થાય છે. અથવા તેમ નહીં તો છેવટે છેક મંદતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામે છે. અને અવશેષ ત્રણજ બાકી રહે છે. ત્યાર પછી વૃતિજયના કાર્યની શરૂઆત થાય છે. જે પંચમ ગુણસ્થાનકે શરૂ થઈ છઠ્ઠા ગુણસ્થાનકે સંપૂર્ણ થાય છે. આ વૃત્તિ ઉપરનો વિજય સ્થૂળ પદાર્થોના પરિત્યાગ સંબંધે જ બહુધા હોય છે. અને તે સાથે અંતરની લાલસાઓ અને રાગદ્વેષો પણ આત્માના બળવાનપણાના તારતમ્યાનુસાર મંદ થતા ચાલે છે. છઠ્ઠા ગુણસ્થાનકને અંતે વૃતિ ઉપરનો સ્થૂળ વિજય સંપૂર્ણ થયા પછી આસ્રવના પૂર્વના બે નિમિત્તો નાશ પામી અથવા મોળા પડી જાય છે. તે છતાં ત્યાંસુધી આત્મા સ્વરૂપ સ્થિતિમાં નિશ્ચલપણે ટકી શકવામાં પ્રમાદવાળો રહેતો હોવાથી આસ્રવનું ત્રીજું દ્વાર "પ્રમાદ" હજુ સુધી ખુલ્લું રહેલું હોય છે. આ પ્રમાદવાળી અવસ્થાના નાશરૂપ ભૂમિકાને "સપ્તમ" અથવા "અપ્રમત્ત" ગુણસ્થાનક કહેવાય છે. અર્થાત તે ભૂમિકાએ પહોંચ્યા પછી આત્માનું પરભાવમાં લેપાવારૂપ પ્રમત્તપણું નિવૃત થાય છે. અને તેમ થયે માત્ર અવશેષ બેજ આસ્રવના પ્રકાર રહે છે. કષાયનો અર્થાત રાગદ્વેષરૂપ પરિણુતીનો સર્વથા આત્યંતિક નાશ તેરમા ગુણસ્થાનકે થાય છે. જે ભૂમિકાને "સયોગી" ગુણસ્થાનકના નામથી ઓળખવામાં આવે છે.

સર્વ પ્રકારના આવરણોના સંપૂર્ણ ક્ષયમાંથી પ્રગટેલી આત્માની આ સ્વાભાવિક સ્થિતિ હોય છે. છતાં તે પછી પણ પૂર્વ પ્રયોગના બળથી તેમને મન-વચન, કાયાના યોગનું પરિસ્પંદન અથવા પ્રવૃત્તિ અવશેષ હોવાથી "યોગાસ્રવ" નામનું કર્મવર્ગણાના આગમનનું એક નિમિત્ત બાકી રહે છે. આ આસ્રવવડે આકર્ષાએલા કર્મોમાં કષાયજન્ય રસ નહી હોવાથી તેની સ્થિતિ એક સમય માત્ર જ હોય છે. આયુષના અંત ભાગ સુધી સર્વજ્ઞ આત્માને પણ આ "યોગાસ્રવ" રહે છે. જ્યારે દેહના વિયોગ કાળે તેઓ એ યોગોનું રૂંધન કરે છે ત્યારે એ છેવટના આસ્રવ પણ ક્ષય પામે છે અને આત્મા તે કાળે પાંચે પ્રકારના આસ્રવના નિમિત્તોથી સદાને માટે મુક્ત થાય છે.

આ સ્થળે અમોએ અનુક્રમે આ પાંચે આસ્રવના સ્વરૂપ સબંધી વિચાર કરવા ઉદ્દેશ રાખ્યો છે.

મિથ્યાત્વઃ—મન અને શરીરથી કોઈ ઇત્તર તત્વ મનુષ્યના બંધારણમાં હોવાનો જે ભાવનાવડે ઇનકાર થાય છે તે ભાવનાને મુખ્યત્વે મિથ્યાત્વની સંજ્ઞા અપાય છે. મૃત્યુ એજ પ્રવૃત્તિ માત્રનો અંત છે–પ્રાણી માત્ર દ્રવ્યજડના પરિણામ વિશેષરૂપે ઉપસ્થિત થઈ થોડો કાળ જીવન અવસ્થા ભોગવી પાછા માટીરૂપે પોતાના મૂળ કારણમાં શમાઈ જાય છે–એવી અનાત્મ ભાવનાને ઉપરોક્ત અભિધાન અપાયું છે. "હું કોણ છું" એવી શોધમાં જ્યારે મનુષ્ય પ્રવર્ત્તે છે, ત્યારે તેને પ્રથમ પોતાનું સર્વથી ઉપરનું વેષ્ટન–દેહ એજ નજરે ચઢે છે અને તેમાંજ તે પો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાનું હું પણું સ્થાપીને પોતાની સ્વરૂપ ભાવના નિભાવી લે છે. જે કાંઇ પોતે નથી તેને તેવું માની લે છે. અવસ્ત્વારોપ કરવારૂપ પરિણામ એ મનુષ્યનું સંસાર બીજ છે. જ્યારે મનુષ્ય પોતાને માટીમાંથી પ્રગટેલો અને માટીમાં મળી જવાના સ્વભાવવાળો એક ક્ષણીક પદાર્થ માને છે, ત્યારે તે ક્ષણથી તેની તમામ પ્રગતિ વિરમી જાય છે. તેના મનમાં કોઇ સ્થાયી સુખ કે કલ્યાણમય અવસ્થા મેળવવા માટે કશી જ આશા રહેતી નથી. આ ભવ વિના જો બીજો ભવ જ નથી, તો પછી કયા હેતુથી કોઇ પ્રકારની સ્વપરહિતકર પ્રવૃત્તિમાં યોજાવું? આવો મનુષ્ય કાંતો ઇન્દ્રીયસુખમાં મશગુલ બની જેમ બને તેમ વધારે આવેગ અને તીવ્રતાથી તે સુખ ભોગવતો હોય છે, અથવા હેતુ શુન્યપણે કાંઈ પણ લક્ષ્ય બિના પવનમાં ઉડતા તરખલાની માફક જ્યાં ત્યાં તણાતો હોય છે. આત્માના અધઃપતનનું આ અવસ્થા એ સૌથી બળવાન કારણ છે. મિથ્યાત્વથી બચવા સંબંધે આપણા શાસ્રકારોએ અને આત્માને સિદ્ધ કરવા માટે પ્રત્યેક આર્ય દર્શનકારે જે મહાન પ્રયત્ન કર્યાં છે, તે માત્ર જનસમાજને આવી આત્મવિરોધી—અનાત્મવાદી ભાવનાની જાળમાંથી ઉગારી લેવા માટે જ છે. પૂર્વકાળમાં આવી મિથ્યાત્વ અવસ્થાનું બહુ જોર નહોતું. જો કે તે કાળે પણ અનાત્મવાદી એવા ચાર્વાક આદિ દર્શનો વિદ્યમાન હતા, છતાં મિથ્યાત્વભાવનાને પોષણ આપનારાં જે પ્રબળ હેતુઓ આ કાળે વર્તે છે, તેનો તે કાળે અભાવ હતો.

પશ્ચિમના તત્ત્વજ્ઞાનથી જન્મેલી વર્ત્તમાન યુગની આપણી પ્રધાન ભાવનાઓ બહુધા આત્મવિરોધી છે. પશ્ચિમના તત્ત્વજ્ઞાનનું પોષણ મેળવી, આર્યાવર્તનો આ જમાનો આત્મતત્વની અવગણના કરતા શીખ્યો છે. તેનું કારણ એ છે કે પાશ્ચાત્યોની તત્ત્વવ્યવસ્થા માત્ર શરીર અને મનને અનુસરીને જ બંધાએલી છે. વિશ્વમાં તેઓએ એનું જ અસ્તિત્વ માનેલું છે. હાલ આપણે તે શિક્ષણ લઇને તર્ક કરવામાં કુશલ બની શકીએ છીએ, અને તે શિક્ષણના ફળરૂપે આ દેહને અને તે સંબંધી સુખોને જ જોતા શીખ્યા છીએ. વર્તમાન કેળવણીથી આપણે પદાર્થ વિજ્ઞાન જીવન વિજ્ઞાન રસાયન આદિના સ્વરૂપ જાણવા ઉપરાંત એક પરમાણુથી માંડીને બિશ્વોત્પત્તિના કિરિટરૂપ મનુષ્ય સુધીના પરિણામનો શૃંખલાબદ્ધ ક્રમ સમજ્યા છીએ, અને ડારવીન, સ્પેનસર આદિ સમર્થ તત્વજ્ઞોએ ઉપજાવેલી પરિણામ વાદની જાળમાં આશ્ચર્ય સાથે ગુમ થઇ જઇએ છીએ. એક ખનીજનો જડ પરમાણું વિકાસ પામતે પામતે બુદ્ધ કે મહાવીર અથવા નેપોલીઅન કે અલેકઝાંડર થઈ શકે છે.

આ પાશ્ચાત્મ તત્વનિતી એમ મનાવે છે કે પ્રથમ આખું જગત જડમય હતું, તે જડના ક્રમિક વિકાસમાંથી પહેલા એકેન્દ્રીય જંતુઓ, તે પછી જશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટા જંતુએ માછલાં, પક્ષી, પશુ અને છેવટે મનુષ્ય એમ એક પછી એક ઉદ્ભવ્યું, ચેતન એવું કશુ જ છે નહીં. આ વિદ્વાનોએ એક પરમાણુથી તે મહાન ભવ્યતાના નમુનારૂપ મનુષ્ય સુધીની સાંકળ જોડી આપી આપણી બુદ્ધિને આશ્ચર્ય બંધનમાં જકડી રાખી છે. મન અને શરીરની પાછળ જે આત્મતત્ત્વ રહ્યું છે, તેના માટે આ તત્ત્વવ્યવસ્થામાં સુદ્દલ સ્થાન નથી. આ શિક્ષણ આપણે આજકાલ ઉછરતા આવ્યા છીએ અને તેને પરિણામે આપણે આપણને આત્મારૂપે જોવું ભૂલી જઇ માત્ર શરીરરૂપે અને મનરૂપે જોતા શીખ્યા છીએ. સમર્થ નાસ્તિકવાદી પંડિતોના હાથે વિસ્તાર પામતી આવી અનાત્મનીતિ સામે ટકવાનું આપણું સામર્થ્ય લોપ થઈ જવાથી આપણે વધારે ને વધારે "મિથ્યાત્વી" ના બિરૂદને પામતા ચાલીએ છીએ અને પંચમકાળમાં આ ભાવનાનું ઉત્કૃષ્ટપણે આધિપત્ય વિસ્તરવાના મહાવીર દેવના ભવિષ્ય કથનને સફળ કરીએ છીએ. આ પરિણામવાદ જીવની ઉત્પત્તિ સંબંધે કશો બુદ્ધિમાં ઉતરે તેવો ખુલાસો આપી શકતો નથી. તે એટલું જ દર્શાવે છે કે, પરમાણુથી પરિણામ પામતા પામતા ધીરે ધીરે માણસના શરીર સુધીની ઘટના બની આવી છે. પરંતુ તેમાં જીવ કયાં થઇ આવ્યો અને જીવ નથી તો જ્ઞાન કોને થાય છે, તે સંબંધી પત્તો મળતો નથી. મૂળના પરમાણુમાં જો જીવ કે જ્ઞાન નથી તો પછી તે પરમાણુના ગમે તેટલા પરિણામ કે ફેરબદલા થાય તો પણ જ્ઞાનગુણ તેનામાં નજ આવી શકે, તે વાત સ્પષ્ટ છે. આત્મજન્ય ધર્મોનો ખુલાસો આ વિદ્વાનો ભૌતિક વિજ્ઞાનની સહાયથી કરવા તેઓ મથે છે અને છેવટે એમ કહે છે કે જ્ઞાન (consciousness) એ પરમાણુસંઘાતજન્યશક્તિ વિશેષ છે. અથવા ઘણા પરમાણુઓ એકઠા થવાથી તેવો પરિણામ ઉપજ્યો છે. કેટલાક વિદ્વાનો જ્ઞાનને મગજમાં આવેલા જ્ઞાનતંતુના વ્યાપારરૂપે (secretion of the brain) માને છે, પરંતુ આવા સંઘાત, સંમેલન કે વ્યાપારથી જ્ઞાનોત્પત્તિનો ખુલાસો સંભવી શકતો નથી. જડ ઉપરથી ચેતનદ્રવ્યનો ખુલાસો ગમે તેવી ભારે યુક્તિઓથી પણ થઇ શકતો નથી. ચેતનશાસ્ત્ર (biology) કહે છે કે જ્ઞાન એ જ્ઞાનતંતુની ક્રિયાથી ઉદ્ભવતું એક પરિણામ છે. જો તેમ જ હોય તો પ્રથમ તંતુઓમાં પરિવર્તન થવું જોઇએ, અને પછીજ લાગણીરૂપ ધર્મ પ્રગટવો જોઇએ. પરંતુ તેવો ક્રમ અનુભવમાં નથી. પ્રથમ લાગણી, પછી જ્ઞાનતંતુઓમાં ક્ષોભ અને તે પછી શરીરમાં તે લાગણીને અનુરૂપ બાહ્ય ભાવ સ્પષ્ટ થતો જણાય છે. ક્રોધનું નિમિત્ત મળતા પ્રથમ તેવી ક્રોધ લાગણી થાય છે, પછી તે લાગણીના મંદ કે ઉત્કટપણાના પ્રમાણમાં ક્ષોભ શરૂ થાય છે, અને તે પછી મુખ ઉપર લોહી ચઢી આવે છે; રક્તાભિસરણનો વેગ વધી પડે છે અને ક્રોધ ભાવનાના બધા બાહ્ય લક્ષણો પ્રતીત થાય છે. પ્રથમ જ્ઞાનતંતુમાં ક્ષોભ અને પછી ક્રોધ એ ક્રમ વાસ્તવિક નથી. જો એ ક્રમ બરાબર હોત તો એક સરખા નિમિત્તથી બધાજ મનુષ્યને એક જ સરખી લાગણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવી જોઇએ. પોતાની વસ્તુ ચોરી જનાર મનુષ્ય ઉપર બધાને એક જ સરખી રીતે ક્રોધ ચઢવો જોઇએ. પરંતુ બધાને એક સરખી રીતે તેમ જ્યારે થતું નથી, ત્યારે એમ માનવું પડે છે કે તેવા નિમિત્તથી જે દ્રવ્ય પ્રથમ ક્ષુબ્ધ થાય છે, તે દ્રવ્ય જ્ઞાનતંતુના પણ પરભાગમાં છે અને તે આત્મદ્રવ્ય છે.

જે શાસ્ત્રો ઉપર ભાર મૂકીને આજનું મુખ્ય શિક્ષણ પ્રવર્ત્યું છે, તે માત્ર માણસના શરીરનો જ ખુલાસો આપી શકે છે. જીવ કે જ્ઞાનનો તેમજ મનનો પણ યથાર્થ ખુલાસો આપી શકતા નથી. જડથી બીજી વસ્તુ આખા વિશ્વમાં છે જ નહીં–આપણે બધા તેના જ વિકારો છીએ. જેનો ખુલાસો જડથી થઈ શકતો નથી તે વસ્તુ જ નથી. એમ એક સાથે આ શાસ્ત્રો કહી વાળે છે. આ શિક્ષણના પરિણામે જે જીવન ભાવનાઓ ઉદ્ભવે છે, તે અત્યંત સ્વાર્થયુકત બીજાનું પડાવી લેવાની વૃત્તિવાળી હોય છે. થોડું જીવવું છે તેથી જેમ બને તેમ થોડા કાળમાં ઘણામાં ઘણું સુખ ભોગવી લેવાની લાલચ વધતી જાય છે.

આજે જીવન કલહ વધી પડી માણસો એક બીજા તરફ બચકા બચકીએ આવ્યા છે તે આ શિક્ષણનું જ "મિથ્યાત્વ" ના બહુલપણાનું જ ફળ છે. પ્રેમ, શ્રદ્ધા, ઉચ્ચતા, સ્વાર્પણ, નિર્વિકારિત્વ આદિ આત્મભાવાશ્રયી ઉદ્દાત્ત ભાવનાઓ માત્ર ગ્રંથો અને બહુ તો વાણીમાં જ રહેવા પામી છે. આ ભવ શિવાય બીજો ભવ જે નીતિ સ્વીકારતી નથી, તે નીતિ વડે પોષાએલી ભાવનાઓ દેહ અને તેના ધર્મો શિવાય બીજે કયાં નજર જ નાખી શકે? આ યુગ ખરેખર હડહડતા મિથ્યાત્વનો છે. Herbert spencer આદિ વિદ્વાનોએ વિસ્તારેલી survial of the bittest અર્થાત્ "યોગ્યતમનો જ બચાવ અને બીજાનો વિનાશ" એવી જીવન કલહની નીતિએ મનુષ્યોને એક બીજા ઉપર લુંટફાટ અને ઝુંટાઝુંટ કરતા બનાવી મુકયા છે. સંસારમાં સારી રીતે સુખી થવાય, ગમે તેવી યુક્તિ પ્રયુક્તિથી બીજાઓ ઉપર ફાવી જઈ, તેમની પાસેથી પડાવી લઈ આપણી અહંતા સંતુષ્ટ થાય, એજ અનીતિનો સાર છે. બળીઆના બે ભાગના ન્યાયથી પ્રવર્તેલુ એ નીતિનું મહાસૂત્ર મનુષ્યોને એટલા ઉંડા કલહ અશાંતિ અને બેચેનીમાં દોરી ગયું છે કે વર્ત્તમાન જીવન એ દેવોને દુર્લભ હોવાને બદલે નર્કના જીવોને પણ નહીં ઇચ્છવા યોગ્ય થઇ પડયું છે. જે નીતિની પાછળ શાશ્વત અને સુખદ એવું આત્મતત્ત્વ નથી, તે નીતિના સૂત્રથી વિસ્તરેલી ભાવના સમાજનું–દેશનું અને વિશ્વનું સત્યાનાશ વાળી મુકે છે. બળવાળાનો બચાવ અને નિર્બળનો મરો એ અધમ એવા પ્રાણી આદિ વર્ગમાં દશ્યમાન થતી જીવનભાવનાનું મનુષ્યો અનુકરણ કરી નિર્બળના હાથમાંથી ઝુંટાવી લઇ પોતાનું ઉદર ભરતા શિખ્યા છે. કલહ, અહંતા, વ્યક્તિવાદ એ ઉપરોક્ત ભાવનાના ફળ છે. આવાજ તત્ત્વ નિશ્ચયો ઉપર હાલની કેળવણી વ્યવહાર, મંડળી આદિ રચાતા જાય છે. અને આત્મભાવનાનો દિનપર દિન અભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતો જાય છે. આ શાસ્ત્રે સુખની જે ભાવના રચી છે, તે પણ તેવીજ વ્યવસ્થા હીન અને જડવાદને શોભાવે તેવી છે. Greatest happiness greatest number "ઘણામાં ઘણા મનુષ્યોનું ઘણામાં ઘણું સુખ" એવી એક નીતિ તેમણે ઉપજાવી છે. પણ તેમાં સુખ કોને કહેવું તેનો કશો ખુલાસો નથી. "ઘણામાં ઘણું તે કેટલુંક ?" એનો કશોજ નિર્ણય નથી. મનુષ્ય પોતાની તાત્કાળીક હાજતો અને તેના મનસ્વી સુખ ઉપરાંત કશાની દરકાર રાખતો નથી. સુખનું ધોરણ એક મનુષ્ય પરત્વે સદાકાળ એક સરખું રહેતું નથી. એક ખઉકણનું અને મિતાહારીનું સુખનું લક્ષ્ય જુદા જુદા પ્રકારનું હોય છે. એક વિદ્વાન ઘણામાં ઘણું સુખ કોને કહેવું તેની જડવાદની ભાવનાના દૃષ્ટિબિંદુથી વ્યાખ્યા કરતા કહે છે કે— Hence, to have complete felicity is to have all the faculties exerted in the ratis of the several developements. and an ideal arrangement of circumstances calculated to secure this, constitutes the standard of "greatest happiness"

સંપૂર્ણ સુખ હોવા માટે સમસ્ત બુદ્ધિ વૃત્તિઓને તેમના વિકાસના પ્રમાણમાં ઉપયોગમાં લેવી જોઇએ અને એ હેતુ સિદ્ધ કરવા માટે એક ઉત્તમ સાંયોગિક વ્યવસ્થા ઉપજાવવી તે સંપૂર્ણ સુખનું ધોરણ છે." પરંતુ પ્રાણી માત્રના રાગ દ્વેષ એક સરખી ભૂમિકાએ લાવવાનું કાર્ય અશકય છે અને તેથી એક મનુષ્યને માટે જે સંપૂર્ણ સુખ છે તે બીજાને તેવું હોતું નથી. સ્વભાવની સાથે સુખની ભાવના પણ ફરતી ચાલે છે. અને તેથી તેમનું ઉપજાવેલું સુખનું સૂત્ર એ માત્ર મનુષ્યોને પોતાના રાગદ્વેષ અનુસાર વાપરવાનું એક શસ્ત્રજ બન્યું છે. બધાના સુખનું ધોરણ એક સરખું ન હોવાથી માત્ર પોતાનુંજ સુખ સાચવી બેસી રહેવું એવી વૃત્તિ દૃઢ થતી ચાલે છે. જ્યાંથી જેટલું મળે તેટલું પોતાનું મનનું માનેલું સુખ નીચોવી લેવું અને તેમ કરવામાં બીજાને થતા લાભ હાનિના પરિણામની અવગણના કરવી એજ મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. અલ્પમાં આવી ભાવનાના ફળરૂપે પશુઓને શોભે એવું વર્તન, પ્રતારણા, કલહ, પૈસા માટે મારામારી, અને પરસ્પરમાં વિગ્રહ વધી પડયા છે. "હું પહેલો અને આખી દુનીઆ મારી પછી" એ સિદ્ધ કરવાનો ભીષણ વિગ્રહ વર્તી રહ્યો છે. અને શાંતિ, પ્રીતિ, ક્ષમા, સરળતા, નિષ્કપટતા એ દિવ્ય સત્વોનો લોપ થતો જાય છે.

દેહ અને મનના પરભાગમાં આત્મતત્વ વિરાજે છે એવી શ્રદ્ધા વિનાની પ્રવૃત્તિથી આ જમાનો પોતાની શાંતિ ગુમાવી બેઠો છે. ગેસ અને વિજળીનો ઝળહળતો પ્રકાશ બાહ્ય વિશ્વને અજવાળી રહ્યો છે છતાં તેથી આંતર વિશ્વનો ભીષણ અંધકાર તો વધતોજ ચાલ્યો છે. ગમે તેવા ચોકસાઇવાળા કાયદાઓ બાંધવા છતાં અને જનસ્વભાવની હલકી વાસનાઓને દાબવા માટે ગમે તેવા ભારે અંકુશો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકવા છતાં આજે અપ્રમાણિકપણું, કપટ, અનીતિ, વ્યભિચાર, ક્રૂરતા, દ્વેષ, ઇર્ષ્યા, નીચતા વિગેરે આસુરી સંપત્તિનું કલેવર પુષ્ટ થતું ચાલે છે એની કોણ ના કહી શકે તેમ છે ? વધતી જતી સંખ્યામાં ન્યાયાધીશો, ગામે ગામે કોર્ટો, પોલીસના થાણા વિગેરે વિશમી સદીના સુધારાનો વિજય શું દર્શાવે છે ! એજ કે જનસ્વભાવની મલીનતાનો વધતો જતો બહિર્ભાવ કાબુમાં રાખવા માટે એવા ઉપાયો અનિવાર્ય થઇ પડયા છે. અને તેમ છતાં ગુન્હાનું પ્રમાણ કાંઈ ઓછું થતું નથી. બહારની સાફસુફ નીચે ગંધાતા કચરાનું પ્રમાણ વધ્યું છે અને ઉપર ઉપરના ડાકડમાળ તળે આળસ, અશક્તિ અને ભુખમરાનો છેડો નથી. તૃપ્તિના કરોડો સાધનો છતાં આજે માનવવૃત્તિને સંતોષ અનુભવાતો નથી. અસંતોષના કાળાગ્નિની ભભુકા મારતી જ્વાળાઓ તેના હૃદયને સતત બાળતી રહે છે અને એક આશા તૃપ્ત થતા આ જમાનાની પ્રબળ ભાવનાઓ તેનામાં અનેક નવી આશાઓ સળગાવી મુકે છે. અનાત્મનીતિને સ્થાન આપનાર મનુષ્યને નર્કમાં જવાની કાંઇ જરૂર નથી. તે તેના હૃદયને તપાસે તો ત્યાંજ નર્કનો પ્રવાહ રેલાતો તેને માલુમ પડવાનો.

જેમ જેમ અનાત્મભાવના પ્રધાન સુધારો " કુદકે ને ભુસકે " આગળ આગળ ઠેલાતો જાય છે તેમ તેમ વ્યક્તિમાં, સમાજમાં, રાષ્ટ્રમાં, દેશમાં અને વિશ્વમાં વિનાશ અને વિચ્છેદની વૃદ્ધિ થતી જાય છે. અગાઉ જ્યારે અંદર અંદરના સ્વાર્થની તાણાતાણનો નિવેડો તીર કે બાથંબાથાના યુદ્ધથી થતો ત્યારે આજે વિવિધ પ્રકારના ભયંકર શસ્ત્રોના પ્રયોગથી હજારો જાન એક ક્ષણમાં લઇ શકાય તેવી સરળતા વિજ્ઞાને કરી આપી છે " ડીનેમાઈટ " આદિના પ્રયોગથી દુશ્મનોનું જોતજોતામાં સત્યાનાશ કાઢી નાખી શકાય તેવા " ઉપયોગી " શોધો પતા ચાલે છે. સમાજનો શિષ્ટાચાર સાચવવા માટે બાહ્ય વર્તન લુગડાંનો ઠઠારો, ઉપરનો વિવેક, ભલમનસાઇ વિગેરેનો ડાકડમાળ બહુ ઠાવકાઇથી સચવાય છે તેની ના નથી, પરંતુ તે નીચે જે નીચતા, પામરતા, સ્વાર્થ, લુચ્ચાઇ અશાંતિ વગેરે જે વૃત્તિઓ છુપાએલી છે તે ઓછી થવાનું એકે લક્ષણ માલુમ પડતું નથી. વિશમી સદીના અંગે રહેલું મિથ્યાત્વનું આ ઘાટું અંધારૂ વિશ્વને કારાગૃહ જેવું કરી મુકે તેમાં શું આશ્ચર્ય ? આત્મભાવ--શાશ્વત ચૈતન્યનો સ્વિકાર અને તેને અનુસરીને જીવનભાવનાઓ ઘડાવી જોઇએ એવી મહાજનોના ડીંડીંમ નાદની ઉપેક્ષા એનુંજ આ ફળ છે. આત્મા નથી એવી વૃત્તિમાંથી—મિથ્યાત્વમાંથી વિશમી સદીનો એ મહા રોગ ફાટી નીકળ્યો છે.

મિથ્યાત્વના બહુલપણાએ આખા વિશ્વને ચોપાસ બહાર દોડતું બનાવી મુકયું છે. અંતરમાં કશુંજ સ્થાયી તત્ત્વ નથી એમ સ્વીકારનારાઓની વૃત્તિઓ તૃપ્તિ શોધવા માટે બાહ્યત્વને જ પામી છે. ઉગી નીકળતી નીત્ય નવી નવી લાલસાઓના તાપને થંડો પાડવા માટે પરિતોષ પાછળ ભમતો આ જમાનો કઇ હદે અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટકશે એ કાંઇ કહી શકાતું નથી—એક પ્રાપ્તિ પછી બીજી તે પછી ત્રીજી, એમ અવધિ રહિત એષણાઓની તરંગાવળિ ઉઠતી જ રહે છે. પોતાની ઉપભોગ સામગ્રીની મર્યાદામાં તેને સંતોષ રહેતો નથી. તેથી તે બીજાનું ઝુંટાવવા માટે નજર ચુકની રાહ જોતો જ હોય છે. તૃષ્ણાનો વેગ અને પૂર ચઢતાંજ રહે છે. “ જેમ હું બીજાનું પડાવી લેવા તત્પર થયોછું, તેમ રખે બીજાઓ મારા ઉપર ત્રાપ મારી બેઠા હોય ” એવું વૃત્તિથી દિન પર દિન ભય, શંકા, અવિશ્વાસ આદિ વધતા જાય છે. આજે યૂરોપના તમામ રાજ્યોમાં જમીન અને દરીયાઈ લશ્કરો વધતા જાય છે. તેનું નિદાન પણ આજ છે. અને હજી કેટલી હદે તે વધતું જશે અને એક બીજાના વિનાશના સાધનો કયાં સુધી આવીને આવી કુશળતાથી યોજાતા જશે, તેનું માપ નીકળી શકતું નથી—જે શરીરોના વિનાશ કરવા તે પ્રત્યેક પક્ષ ઇચ્છે છે તેમાં રહેલો આત્મા એ પણ મારોજ આત્મા છે અથવા સમસ્વભાવી દિવ્ય ચૈતન્ય સ્પુલીંગ છે, એવું ભાન જ્યાં સુધી થાય નહીં ત્યાં સુધી આ આગળને આગળ વધતી ભરતી પાછી ફરે એમ માની શકાતું નથી. આત્મભાવને સંગે રહેલી પ્રીતિ, સંપ, શાંતિ આદિ કલ્યાણ ભાવનાનો વિસ્તાર આ અનાત્મ વૃત્તિવાળા યુગ માટે ઇચ્છવો એ અશકયને ઇચ્છવા તૂલ્ય છે. કારણ વિના કાર્ય ઉત્પન્ન થતું જ નથી. કદી દયા જેવું જણાય તો પણ તે ખોટી માયા જાળ છે અને અવશ્ય ક્ષણ પછી વિખરાઇ જવાના સ્વભાવવાળી જ હોય છે. આજે જમાનો સુ- ઠીઓ વાળી આગળને આગળ દોડે છે. કયાં પહોંચવા માટે તે દોડે છે તેનું તેમને ભાન પણ નથી.

આપણી મધ્યમાં વર્તતી મિથ્યાત્વની હડહડતી ભાવના પશ્ચિમમાંથી આવી છે. તેના પ્રકાશમાં અંજાઈ જઇને આપણે આપણું શાંતિ ગુમાવી બેઠા છીએ. આપણી પૌર્વાત્ય ભાવનામાં આ “ પ્રકાશ ” આવ્યા પછી મહાન પરિવર્તન થઇ ગયું છે. આપણે આંખો મિંચી તેમનું અનુકરણ કરીએ છીએ અને તેમ થતાં આપણી શાશ્વત શાંતિ ખોઇ બેસીએ છીએ. તે અનાત્મવાદી શિક્ષણની અસરથી આ- આપણું રક્ષણ કરવાની આપણી ફરજ છે. આપણી પ્રાચિન આર્યભાવનામાં અને વર્તમાન જડવાદની ભાવનામાં આકાશ જમીનનો અંતર છે. આ ભાવનાઓનું વર્ણન એક સમર્થ લેખક સુંદર શૈલીમાં આ પ્રમાણે આપે છે.

The present--day civilization of the west, in the day and in practice rests upon a basis of SELF, where as the civilization of India rests upon a basis of SELFLESSNESS. The individual is the centre of western civilization, and the happiness of the individual it means the fulfilment of his desiros, the pampering of his wealth comfort and luxury. To multiply your desires and then to gratify them- to create artificial needs and then to pant and pine for

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



their satisfaction-can any one doubt that this is the outstanding feature of the Western life at the present time ?

At the present time, the one tedious and monotonous refrain of western life--is it not " earn, earn, earn and then its equally loud and strepitant correlative " spend, spend, spend " ? spin out the complexity of life to an infinite extent. Fill every moment of it with strenuous bustles. Keep moving always—no matter though you may be moving backwards to hell or but whirling like a top on a point; give tired nerves no rest, the fagged and jaded brain no repose, the weary heart no peace; look not into the deep inner chambers of the soul. Yea, look not up within but only below where you have paned the green earth with burning gold. Keep up your morbid, galvanic activity, till you drop down dead in the harness and there is a cessation to all your labouring and earning and spending is not this the new evangel of life, which the west through all her chimneys furnaces and machinery dins into the ears of a stunned and stupefied world ? And have not the sweetest and the most eloquent voices of the 19th century lifted their accents in feeble protest against " this strange disease of modern life with its sickly harry, its divided aims its overtated heads, and palsied hearts ? " Contrast with this the deep peace and harmony which are of the essence of the ancient civilization of India. The west says ' multiply your desires ' India through her thousand groves, whispers in her ears " check them, minimize them, reduce them to the smallest possible extent. Make life simple and restful, not complex and labourious. Do not make self your Cod; rather subdue your-self and make it subserve the boundless purpose of Heaven. Above all try by intent meditation not to realize the aloofness of your individuality, but rather to realize your oneness with the eternal soul of things. "

અર્થાત:—વર્તમાન કાળનું પાશ્ચાત્ય શિક્ષણ, સિદ્ધાંત અને પ્રયોગ ઉભયપણે અહંતાના પાયા ઉપર રચાયેલું છે. તેથી ઉલટું આર્યસભ્યતા સ્વાર્થત્યાગના પાયા ઉપર ચણાએલી છે. વ્યક્તિ એ પાશ્ચિમાત્ય સભ્યતાનું કેન્દ્ર છે અને વ્યક્તિનું સુખ એ તેનો લક્ષ્ય છે. આ વ્યક્તિ સુખનો અર્થ એવો છે કે તેની ઇચ્છાઓને તૃપ્ત કરવી, દ્રવ્યમાં વધારો કરવો, આશાએશ, મોજશોખ, એમને બહેકાવી મુકવા. ઇચ્છાઓને વધારી મુકવી અને પછી તેને તૃપ્ત કરવી; બનાવટી જરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીઆતો ઉભી કરવી અને પછી તે પુરી પાડવા માટે હવાંતીઆ મારવા અને હાય વરાળ રાખવી,–આ પાશ્ચિમના વર્તમાન જીવનનું મુખ્ય લક્ષણ છે, એમાં શંકા નથી. + + + આ કાળે પાશ્ચિમાત્ય જીવનનો કંટાળા ભરેલો અને નિર્વિશેષ એક જ મુખ્ય ધ્વનિ છે કે "ભેગું કરો, કમાઓ, ઉપાર્જન કરો" અને તેનો સંબંધ સૂચક ધ્વનિ "વ્યય કરો, ઉડાઓ, વેરી નાખો" એ પણ તેટલાજ ભીષણ સુરથી નિકળે છે. જીવનસૂત્રને હદ રહિતપણે ગુંચવણ ભરેલું કરી મુકો, તેની પ્રત્યેક ક્ષણને અવિરત કોલાહલથી પુરી નાખો, નિરંતર ગતિમાન્ રહો,–પછી ભલે તે ગતિ નર્ક ભણીના અધઃપતનરૂપે હોય અથવા એક કેન્દ્રની આસપાસ કુંડાળામાં ફરવા રૂપે હોય; શ્રમિત તંતુઓને ક્ષણનો પણ આરામ, વૈંતરૂ કરી કંટાળી ગયેલા અને ઢીલા લોથ થઈ ગયેલા મગજને વિશ્રાંતિ અને બેજાર હૃદયને શાંતિ આપો નહીં. આત્માના અંતરાગારમાં દૃષ્ટિ નાંખો નહીં; અંદર જોવાને બદલે આ સોનેથી છાયેલી મજેદાર પૃથ્વીને જુઓ, અવસ્ય અને વિજળીના વેગ જેવી તમારી જલદ પ્રવૃત્તિને મૃત્યુના અંત સુધી નિભાવ્યે જાઓ—ત્યાં તમારા સતત્ શ્રમનો, ઉપાર્જનનો અને વ્યયનો છેડો આવશે. જે નવો પેગામ પશ્ચિમ તરફની સભ્યતા તેના ભુંગળા, ભઠ્ઠીઓ અને સંચાકામ દ્વારા, વિમુગ્ધ અને મૂર્છાવશ વિશ્વના કર્ણમાં ભીષણનાદથી જગાવી રહ્યો છે, તે આજ છે કે બીજો? અને ઓગણીશમી સદીના મહાજનોએ પોતાના સુમધુર અને સુભાષિત સ્વરથી વર્ત્તમાન જીવનના આ નવિન વ્યાધિ તેના સાન્નિપાતિક આવેગ, લક્ષ્ય વિભિન્નતા અતિ શ્રમિત મન, અને સ્તંભિત હૃદય સામે શું પોતાનો નમ્ર વાંધો નથી ઉઠાવ્યો? હવે આ વસ્તુસ્થિતિના સામે આર્યોની પ્રાચીન સભ્યતાના દોહનરૂપ ગંભીર, શાંતિ અને એકરાગતાને મુકો. પશ્ચિમ કહે છે કે "તમારી ઇચ્છાને વધારતા ચાલો." હિંદ તેના હજારો શાંતિસ્થાનો દ્વારા તેના કર્ણમાં એજ બોલી રહ્યું છે કે "ઇચ્છાઓને અટકાવો તેમને ઓછી કરો, ઓછામાં ઓછી હદે તેમને લાવી મુકો. જીવનને સાદુ અને વિશ્રાંતિમય કરો, ગુંચવણ ભર્યું અને બનાવટી નહીં કરો. તમારા સ્વાર્થને તમારો પ્રભુ ન કરો, તેથી ઉલટું તેને નિયમમાં રાખો અને તેને ઈશ્વરી સંકેતને આધીન કરી તેની સેવામાં યોજો. અને તે સહુ ઉપરાંત નિશ્ચળ ધ્યાનવડે તમારી વ્યક્તિગત એકલપણું નહીં પણ વિશ્વાત્માની સામે ઐકય સિદ્ધ કરો."

આ અનાત્મ નીતિથી મનુષ્યોની બાહ્યત્વની વૃત્તિ એટલી હદે વધી ગઇ છે કે જ્યાં જ્યાં માત્ર બહારનો જ ખોટો ડોળ, ઉપરનુંજ સૌંદર્ય રહેવા પામ્યું છે. સહૃદયતાને સ્થાને માત્ર તર્કની ગુંચવણી, આંતરિક વિશુદ્ધિ સ્થાને માત્ર બહારની ટાપટીપ અને સદગુણ સુનીતિ, સદાચારને સ્થાને દુષણો અનીતિ અને અનાચાર પ્રતિષ્ઠિત થયા છે. મન, વાણી અને કર્મની એકવાકયતા સાચવી પવિત્ર જીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજારનાર પ્રાચીન કાળનો અને જમાનાથી અજ્ઞાત ગણાય છે. લોકો તેવા મનુષ્યને અક્કલનો ઓછો, મુર્ખ, વેદીઓ, પ્રભુનું માણસ વિગેરે વિવિધ ઉપનામ આપે છે. અને હૃદયમાં કાંઈ હોવા સાથે બહારનો ભાવ કાંઇ ઓર જ બતાવી પોતાનો પ્રપંચ સાધી લેવાની કુશળતા ધરાવનારને આ મિથ્યાત્વના પ્રબળવાળો જમાનો અનુભવી, ઘડાએલો, દેશકાળના સ્વરૂપને જ્ઞાતા, અને પાકટ બુદ્ધિનો ગણશે. આજે વિશુદ્ધ જીવનવાળા, સરલ, સીધા, સહૃદય મનુષ્યોનો જમાનો ચાલ્યો જઇ માત્ર બહારથી ઓપતા, મોહક કૃત્રિમતાના રંગથી ભરેલા, કથીરના જેવા ખોટા ચળકાટથી ચમકતા, રૂપાળાં–રઢીયાળા છતાં સત્વહીન અને હલકા સત્ત્વોનું આધિપત્ય વિસ્તર્યું છે. જડવાદની સંતતિ જેવા રેલવે, તાર, ટપાલ, નિશાળ, આગબોટો, છાપાકળા, યંત્ર કળા વિગેરે બાહ્ય સુધારાની પાછળ શું રહેલું છે એ હાલના " સુધરેલા " જીવનની બદીઓ તપાસવાની જેમણે કદી દરકાર કરી છે તેનાથી અજાણ્યુ નહીં જ હોય. દેશનો કાયદો એવી હલકી વૃતિઓને કાર્યરૂપે ફાટી નીકળતી અટકાવવા ગમે તેટલી મહેનત કરે તો પણ જે યુગની જીવન ભાવનામાં માત્ર દેહ અને તેનાજ સુખો નજર આગળ તરી રહેતા હોય અને આત્મારૂપી શાશ્વત તત્વનો જેમાં ઇનકાર થતો હોય તેમાં વિજયી નજ નિવડે એ સ્પષ્ટ છે. જે જીવન ભાવનામાં પરલોક સંબંધીની જવાબદારી મુખ્યપણે હોય, અને મનુષ્યાત્માનું અનંતપણું સ્વિકારાતું હોય ત્યાંજ હૃદયપૂર્વક નીતિ, ન્યાય, સદ્વર્તન, પ્રેમ અને ઉત્તમ વ્યવહારની આશા રાખી શકાય. (અપૂર્ણ)

## આત્માની અવસ્થાત્રયનું સ્વરૂપ દર્શન.

(હરિગીત.)

સર્વસ્વ ' હું ' ' મારૂં ' બધું એ દેહ બુદ્ધિ જાણતા,
દુઃખ સુખના સદ્ભાવ સંગે ખેદ હર્ષ પીછાણતા;
સ્ત્રી પુત્ર મિત્ર તણા પ્રવાહે આત્મભાવો તાણીઆ,
બહિરાત્મભાવી જાણજો એ દીર્ઘ ભવના પ્રાણીઆ.
૧

હું કોણ ? મારૂં કોણ ? એવા પ્રશ્નથી જાગૃતિ થતાં,
સ્વાત્મદર્શન થાય ત્યારે ભિન્ન દૃશ્યો ભાસતા;
સંસારના ત્રણ તાપને પૂરા તપાસી જાણીઆ,
તે મુક્તિયોગી અંતરાત્મા સ્વલ્પભવના પ્રાણીઆ.
૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મિક ગુણો વધતાં જતાં શિખરે સ્થિતિ સંપ્રાપ્ત છે,
સમભાવથી આ જગત્‌ને જોતાં કદી નહિ થાક છે;
ઉદ્ધાર કરતા વિશ્વનો વાણી વદન સુખ રૂપ છે,
પરમાત્મ અનુભવી પ્રાણીઓ એ દિવ્ય ચક્ષુગમ્ય છે.

૩

SUCCESS.

# સરલતા.

## લેખક–મુનિરાજશ્રી જિનવિજયજી.

જગત્‌માં જે ગુણોથી, જે આચરણોથી, જે વ્યવહારોથી મનુષ્યની મહત્તા વધે છે, અન્ય સામાન્ય જનો કરતાં જે અધિક માનનીય થાય છે, જેને લોકો પૂજ્ય બુદ્ધિથી જુવે છે, જેની અનેક પ્રકારે પ્રશંસા કરવામાં આવે છે, જેનું કથન વિશેષ વજનયુક્ત ગણાય છે. તે ગુણોમાં સરલતા–નમ્રતા–નિષ્કપટતા–એ સર્વોપરિ ગુણ છે. જ્યાંસુધી એ ગુણ મનુષ્યોમાં નથી આવતો ત્યાંસુધી બીજા અનેક ગુણ સંયુક્ત હોવા છતાં તેમની પ્રતિષ્ઠા વધતી નથી. તેમને સર્વત્ર આદર મળતો નથી. જનસમાજની પ્રીતિ તેમના ઉપર થતી નથી. જગતના ઇતિહાસમાં જે જે મહા પુરૂષોનાં નામો ઘણા આદરથી નોંધી રાખવામાં આવ્યા છે, તેમના તેજોમય જીવનના નિર્મળ પ્રકાશ તરફ જો જોવામાં આવે તો પ્રથમ દૃષ્ટિએ **સરલતા** ગુણનો જ પુંજ આવવાનો. ચીનદેશના કૉન્ફ્યૂશિયસ નામના પ્રસિદ્ધ ધર્મપ્રવર્તકે નીતિના સિદ્ધાન્તોની આનુક્રમણિક ગણના કરતા સરલતા એ પાંચ પ્રધાન ધર્મોમાંથી મુખ્ય ધર્મ ગણ્યો છે. તે લખે છે કે " સરલતાના જ પ્રતાપે મનુષ્ય માત્રનું જીવન શ્રેષ્ઠ ગણાય છે. " અને છે પણ તેમજ. કેટલી વિદ્યાઓ ભણી ગયા હોય, કેટલા ઉંચા હોદ્દાપર ચડી ગયા હોય, કેટલું અગણિત દ્રવ્ય ઉપાર્જન કરી મહા ધનાઢ્ય થઈ ગયા હોય; પરંતુ જો એ સરલતાદેવી તેના ઉપર સુદૃષ્ટિ નહીં કરે તો તેનું તે બધું નિરર્થક છે. ભલે મૂર્ખ હોય, નિર્ધન હોય, પણ જો તેની પાસે સરલતારૂપ મહા મૂલ્ય રત્ન હશે તો તેનું જીવન શ્રેષ્ઠજ ગણાશે. સરલતા એ એક અપૂર્વ વશીકરણ મંત્ર છે. જેની પાસે એ મંત્ર હશે, જેણે એ જગજ્જૈથી દેવનું આરાધન કર્યું હશે, તેની પાસે સંસારની સમગ્ર સિદ્ધિઓ હાજર છે. સરલતાયુક્ત મનુષ્યનો સર્વત્ર આદર થાય છે. સર્વકોઇ તેના પ્રતિ માનની દૃષ્ટિએ જુએ છે. જગત્‌માં બધા તેના મિત્રો જ હોય છે. શત્રુભાવ કોઇ ધારણ કરતો જ નથી. સંસારની અંદર મનુષ્યને સર્વથી ઇષ્ટ સાધ્ય ફક્ત જનપ્રિય થવું એજ છે. જનપ્રિય થવા માટેજ મનુષ્યો વિદ્યાધ્યયન કરે છે. ધન ઉપાર્જન કરવા માટે અનેક પ્રકારના કષ્ટો વેઠે છે, દેશ છોડી પરદેશોમાં વશે છે, ઘર છોડી જંગલોમાં વાસ કરે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુટુંબ સ્નેહથી વિમુખ થઇ એકાકી રહે છે. ઈત્યાદિ અગણિત દુઃખો સહન કરીને ધન મેળવે છે. એવા કષ્ટથી પેદા કરેલું ધન પણ માન મેળવવાની ખાતર, તે તે સાધનોમાં ખર્ચી નાંખવામાં આવે છે. પરંતુ એ બધું કર્યું હોય, શરીરની પણ દરકાર રાખ્યા વગર જે વિદ્યા મેળવી હોય, મહા મુસીબતો સહન કરી ધન મેળવ્યું હોય, અગણિત ધનનો વ્યય કરીને જે માન-પદવી પ્રાપ્ત કરી હોય તોપણ જો જનપ્રિયતા ન મળી હોય તો સર્વ નિરર્થકજ છે. તેનું જીવન કંટક તુલ્ય જ છે. મ્હોટા મહાલયોમાં મ્હાલતો ફરતો હોય, અનેક નોકર ચાકરો સેવા માટે હાજર ખડા હોય, ખાવા પીવા માટે કિંમતી ભોજનો તૈયાર હોય તોપણ જો તે જનસમાજને અપ્રિય હશે, લોકો તેનો અપવાદ કરતા હશે તો તેના માટે એ સર્વ શુન્ય અરણ્ય અને વિષ સ્વરૂપ જ છે. રામચંદ્ર જેવા લોકોત્તર પુરૂષના મ્હોઢેથી પણ મહા કવિ ભવભૂતિ કહેવડાવે છે કે—

स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीमपि ।
आराधनाय लोकस्य मुञ्चतो नास्ति मे व्यथा ॥

અર્થાત્ જનસમાજનું મન રંજન કરવા માટે–લોકોનો આરાધન કરવા માટે સ્નેહનો પણ હું ત્યાગ કરી દઇશ. દયાને પણ દૂર હાંકી કાઢીશ. સુખોને પણ જલાંજલી આપીશ. અધિક તો શું પણ જાનકી–સીતા દેવીને પણ છોડી મૂકીશ. અહો ! જનપ્રિયતા મેળવવા માટે રામચંદ્ર જેવા આદર્શ પુરૂષને પણ કેટલી બધી ઉત્કંઠતા! જે જાનકી માટે (રાવણ હરણ કરી લઈ ગયો ત્યારે) આકાશ પાતાળ એક કરી મૂકયા, હજારો લાખો મનુષ્યોના પ્રિય પ્રાણોની, યુદ્ધની વેદીમાં આહુતી આપી દીધી, જેના વિના બેભાન થઇ મહિનાઓ સુધી નિર્જન વનોમાં રંક પ્રાણીની માફક વૃક્ષ વૃક્ષ અને પત્થર પત્થરની પાસે, જડ પદાર્થોને પણ દ્રવીભૂત કરી નાંખે તેવા રૂદનો કર્યાં હતાં, તેજ સીતાને, એક સમયે, જનપ્રિય થવા માટે, દેશ નિકાસન આપતાં પણ તેમના મનને દુઃખ નથી ! આ એકજ દાખલાથી જણાઇ આવશે કે જનપ્રિય થવું એ મનુષ્ય જીવનમાં કેટલી બધી મહત્તાની ભૂમિકા છે? જે જનપ્રિયતા એટલી કષ્ટસાધ્ય છે, તેજ જનપ્રિયતા સરલતા દેવીના પ્રભાવથી સહજ મળી જાય છે? ત્યારે સમજાય છે કે સરલતાને જે સર્વોપરિ ગુણ કહેવામાં આવે છે, તેમાં બીલકુલ અતિશયોક્તિ નથી જ.

પરંતુ સરલતા જેમ વચનમાં ઝટ બોલાઇ જવાય છે, કશું પણ જોર નથી પડતું, તેમ આચરણમાં મુકવા માટે નથી. એની પ્રતિપક્ષીણી જે કપટતા–ધૂર્ત્તતા દંભતા છે, તેનું સામ્રાજ્ય અધિક બલવાન્ છે. તેની સત્તા મનુષ્યો પર અત્યંત જામેલી છે. અનાદી કાળના ગાઢ પરિચયથી માનવ સ્વભાવ તેના તરફ જ વિશેષ વલણવાળું છે. જો કે તેના તરફથી મનુષ્યોને કાંઈ પણ સારૂં ફળ નથી મળતું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પણ તેના જહરી પાસમાં એટલા બધા ફસાયલા પડયા છે કે, સર્વસ્વ જતાં પણ તેના સંગથી મુકત થઈ શકતા નથી, મનુષ્ય જીવનમાં સર્વથી અધિક નુકસાન કારક કપટતા જ છે. સર્વ દુર્ગુણોની અંદર એનું નામજ પ્રથમ નજરે પડે છે. કપટી મનુષ્યોનો કયાંય પણ આદર નથી થતો. કોઇપણ તેનો વિશ્વાસ નથી કરતો. ખૂદ પોતાના આત્મા ઉપર પણ કપટી મનુષ્યને શ્રદ્ધા નથી હોતી અને તેથી તે પોતાનું પણ અહિત કરે છે. જેમણે હિંદુ કુળ વિદ્વેષી પ્રસિદ્ધ બાદશાહ ઔરંગજેબનું જીવન વાંચ્યુ હશે તેમને યાદ હશે જ કે તેના કપટમય જીવને અવસાન સમયે કેટલું બધું અતિ તિવ્ર દુઃખ આપ્યું છે. આખી દુનિયામાં તેનું વિશ્વાસપાત્ર કોઇ પણ મનુષ્ય નહોતો. ખૂદ પોતાની બેગમો અને શાહજાદાઓ ઉપર પણ તેનો વિશ્વાસ નહોતો! અહો તે મનુષ્યનું જીવન કેટલું બધું હીન છે કે જેની પાસે કોઇપણ પ્રેમભાવથી ઉભો ન રહી શકે, દિલ ખોલી પોતાના મનના ભાવો સ્પષ્ટપણે જણાવી નહીં શકે? અને સ્નેહ ભરી દ્રષ્ટિની સાથે દ્રષ્ટિ મેળવી નહીં શકે? કપટી મનુષ્યો પોતાની કપટજાળમાં બીજાઓને ફસાયલા જોઇ પોતે કૃત્યકૃત્યની માફક ખુશી થાય છે, પરંતુ વાસ્તવિક રીતે તેઓ બીચારા બીજાઓને ઠગવા કરતા પોતાનેજ વિશેષ ઠગે છે, સિંદૂરપ્રકરમાં શ્રીમાન્ સોમપ્રભસૂરિએ યથાર્થ જ કથ્યું છે કે-

**विधाय मायां विविधैरुपायैः परस्य ये वंचनमाचरन्ति ।**
**ते वंचयन्ति त्रिदिवापवर्ग सुखान् महामोह सखाः स्वमेव ॥**

અર્થાત્ જે પ્રાણીઓ વિવિધ પ્રકારના ઉપાયો કરી, બીજાઓને છેતરે છે, તે મહામોહ—અજ્ઞાનના મિત્રો થઈ સ્વઆત્માને જ સ્વર્ગાપવર્ગના સુખોથી છેતરે છે. કપટી મનુષ્યો સદા પોતાના નીચ સ્વાર્થમાંજ તત્પર હોય છે. તેથી તેનું કોઇ પણ મિત્ર નથી થતું, કદાચ કોઇ અજ્ઞાત મનુષ્ય કપટીની મીઠી વાતોથી તેના ફંદામાં આવી જાય છે, પરંતુ જ્યારે તેના ગુણો બીજાને જાણમાં આવી જાય છે, ત્યારે તુરત તે પોતાનું પલ્લું તેની પાસેથી છોડાવી પ્રથક્ થઇ જાય છે.

યદ્યાપિ કપટી—માયાવી પુરૂષમાં બીજા મનુષ્યો કરતાં કેટલાંક ગુણાભાસો વિશેષ હોય છે. જેમકે— મધુરભાષણ કરવું, નમ્રપણે વર્તવું, પ્રસન્ન વદને રહેવું પરંતુ તેઓ ફકત પોતાની સ્વાર્થ સિદ્ધિની ખાતર જ ધારણ કરેલા હોવાથી તેમજ હૃદય કપટ—કાલુષ્યથી મલીન હોવાથી તે કૃત્રિમ ગુણો તેને કોઇ પણ રીતે ઉપકારક નથી થતા, જો કે બીજા બાહ્ય આકારોની માફક કપટ—ભાવ મનુષ્યો આંખોથી નથી જોઇ શકતા તો પણ મન ઉપર તેનો પ્રભાવ અવશ્ય પડે છે જ. તેથી જેવી લાગણીઓ કપટીની બીજાઓ પ્રતિ હોય છે, તેવીજ લાગણીઓ બીજાઓની પણ તેના પ્રતિ થઇ આવે છે. અને એટલા માટે તે જોકે ઉપર કહેલા ગુણાભાસો યુકત હોય છે પરંતું હૃદયની કાલુષ્યતાના લીધે બીજાઓને અવિશ્વસ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીય જ લાગે છે. કુદરતનો કાયદો છે કે જેવી રીતે ત્હમે બીજાઓ પ્રતિ વ્યવહાર રાખશો તેવી રીતે બીજાઓ પણ ત્હમારા પ્રતિ વર્તવાના.

કપટી-માયાવી મનુષ્યના બધા કર્તવ્યો સારહીન થઈ નિષ્ફળ જ નિવડે છે. ધર્મકાર્યો પણ તે જેટલાં કરે છે, તે પણ વ્યર્થ કષ્ટ સિવાય કશું ફળ આપનારા નથી થતા. અધ્યાત્મકલ્પદ્રુમમાં શ્રીમાન્ મુનિસુંદર સૂરિજી મહારાજ કથે છે કે—

**अधीत्यनुष्ठान तपः शमाद्यान् धर्मान् विचित्रान् विदधत्समायान ।**
**न लप्स्यसे तत्फलमात्मदेहक्लेशाधिकं तांश्च भवान्तरेषु ॥ १ ॥**

અર્થાત્ ક્રિયાનુષ્ઠાન, તપસ્યા, શાંતિ આદિ અનેક પ્રકારના ધર્માચરણો કપટ સહિત કરે છે, પરંતુ તેથી ફક્ત શરીરને કષ્ટ આપવા ઉપરાંત આગળ કાંઇ પણ વિશેષ ફળ મળવાનાં નથી. એટલું જ નહીં પરંતુ માયાવીને ભવાંતરમાં ધર્મ પણ મળવું મુશ્કેલ છે. ખરેખર આ અમૂલ્ય વચન અવશ્ય મનન કરવા લાયક છે. આપણે નાના પ્રકારના ઉપવાસ આયંબિલ આદિ તપો કરી, શરીરને શોષવીએ છીએ. અનેક શાસ્ત્રોને ગોખી ગોખી મગજ ખાલી કરીએ છીએ. ધર્મ નિમિત્તે મહા મહેનતે મેળવેલું ધન ખર્ચીએ છીએ. પરંતુ જ્યાંસુધી અંતઃકરણ વિશુદ્ધ નથી, હૃદયની માલિન્યતા મટી નથી, ત્યાંસુધી બધું નિરર્થકજ છે, કારણ કે કપટ યુકત જે ક્રિયાઓ આચરવામાં આવે છે, તે ફક્ત અમુક પ્રકારની માનાભિલાષા પૂર્ણ કરવા માટેજ, તથા લોકોમાં વાહ વાહ કહેવડાવા માટેજ હોય છે. અને તેના માટે બીજા અનેક, મિથ્યા ભાષણ, પરવંચનાદિ અનાચારો સેવવા પડે છે કે જેમની કાલિમાની આગળ તપ-જપાદિ બધી ક્રિયાઓ ઢંકાઇ જાય છે. કપટી મનુષ્યના બધા વ્યવહારો ભવાયાઓની ચેષ્ટા માફક લોકરંજન કરવા પુરતા હોઇ અંતઃનિઃસાર જ છે. માટે સર્વથી પ્રથમ મનુષ્યે કપટનો ત્યાગ કરી, સરલતા શિખવી જોઇએ. એક સરલતાના સદ્ભાવથી અનેક ગુણોની પરંપરા આપોઆપ ઉત્પન્ન થઈ આવે છે અને તેથી મનુષ્ય જીવન એક આદર્શ જીવન થઈ જગત્માં અનેક પ્રાણીઓને અનુકરણીય થઇ પડે છે. આ જન્મમાં સર્વત્ર તેનો યશોવાદ ફેલાઇ રહે છે અને પરભવમાં ઉત્તમ પદ પ્રાપ્ત કરે છે.

शमस्तु.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## ભાવનગરનો શ્રીસંઘ અને પર્યુષણ પર્વો.

### ભાવનગરમાં મહામહોપાધ્યાય **શ્રીમદ્ વીરવિજયજી** મહારાજ અને પન્યાસજી **શ્રીમદ્ દાનવિજયજી** મહારાજ વિગેરે મુનિરાજોના અત્યંત આવકારદાયક આવાગમનને અંગે અત્રેના શ્રીસંઘમાં થયેલા અનેક ધાર્મિક કાર્યો અને પ્રકટેલો અપૂર્વ આનંદ.

ઉકત પવિત્ર મહાત્માના શ્રી ભાવનગરના શ્રી સંઘના પૂણ્યોદયે થયેલ આવાગમન સંબંધી હકીકત અષાડ માસના અંકમાં અમો આપી ગયા છીએ. હવે તેઓશ્રીની અપૂર્વ કૃપાવડે થયેલા કાર્યોનું વર્ણન નીચે મુજબ આપવામાં આવે છે.

૧ અત્રે અષાડ શુદ ૪ ના રોજ પધાર્યા બાદ શ્રીમાન્ ઊપાધ્યાયજી મહારાજે પોતાની અમૃત સદૃશવાણીવડે વ્યાખ્યાન શરૂ કર્યું. વ્યાખ્યાનમાં ધર્મ પરિક્ષા અને ઉપરાંત કથા શરૂ કરવામાં આવી હતી. દિવસાનુદિવસ શ્રી સંઘનો ઉત્સાહ તે સાંભળવામાં વૃદ્ધિ પામવા લાગ્યો અને સંખ્યાબંધ શ્રાવક શ્રાવિકાઓની પ્રતિદિન વ્યાખ્યાનનો લાભ લેવાની ઇચ્છા વૃદ્ધિ થવા લાગી. કેટલોક વખત તેમ ચાલ્યા બાદ શરીરે સહેજસાજ બીમારી થવાથી પન્યાસજી મહારાજ શ્રી દાનવિજયજી મહારાજ પણ વ્યાખ્યાન વાંચવા બીરાજમાન થયા હતા. કેટલાક એમ માનતા હતા કે શ્રેણી તુટીજશે પણ તે અટકળ તેઓની ખોટી પડી છે અને પન્યાસજી મહારાજના વ્યાખ્યાનથી પણ શ્રોતાઓને સારી અસર થઇ છે.

વ્યાખ્યાનના દરમ્યાનમાં બે કાર્યો અત્રેની જૈનકોમને જે ખાસ કરવા જેવા હતા, તેને માટે બંને મહાત્માઓના સ્તુત્ય ઉપદેશે સારી અસર કરી છે. બેમાંથી એક હકીકત એવી છે કે ભાવનગરના શ્રી સંઘનો સ્વામીવચ્છલ દરવર્ષે જે ભાદરવા સુદ ૫ મે થાય છે અને જેને માટે અત્રેના વોરા કુટુંબના એક સ્વર્ગસ્થ ગૃહસ્થ ઘેલા વીરચંદ તરફથી અમુક રકમ વ્યાજે મુકાયેલ છે, તે વ્યાજની રકમ અને બાકીની થતી સમુદાયની ટીપ મળી તે જમણવારની રકમ પૂરી કરવામાં આવે છે, અથવા ટીપને બદલે કોઇ જમાડનાર નીકળે તો તેની રકમ પણ ઉપરની મૂળ રકમના વ્યાજ સાથે ભેળવી જમાડવામાં આવે છે. પરંતુ તે જમાડવાનો આદેશ પર્યુષણના દિવસોમાં અને કેટલીક વખત ખેંચતાણને લઇને છેવટે સંવત્સરીના દિવસે પણ અપાય છે. તેવા ટુંકા દિવસમાં અને પર્યુષણોમાં અપાતો હોવાથી તેને લગતો આરંભ સમારંભ પર્યુષણમાં કરવામાં આવતો અને ટુંકો ટાઇમ હોય તો બીન કાળજીથી કે ટાઇમ પુરતો ન હોવાને સબબે ઉપયોગ શુન્યતાને લઇને જમણવારની વપરાતી વસ્તુઓ માટે ખેદ થતો હતો, જે હકીકત દ્રવ્યના લોભને અંગે અને બીજા નજીવા કદાગ્રહના કારણોને લઇને અટકી શકતી નહોતી. તે આ મહાત્માઓના અડગ અને અવિચ્છિન ઉપદેશથી આ શાલ સુધરી ગઇછે. અને આ વખતે સંઘનો આદેશ શ્રાવણ વદ ૫ ના રોજ આપવામાં આવવાથી ઘણો જ હર્ષ થયો છે. અત્રેના સંઘના આગેવાનો હવે પછી દર વર્ષે તેમ કરશે એમ આપણે આશા રાખીશું કારણકે આ મહાત્મા કાંઇ અત્રે સ્થિર રહેવાના નહીં હોવાથી "શેઠની શીખામણ ઝાંપા સુધી" તેમ ન થવા સૂચના કરીએ છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ સુચના કરવા જેવી એ છે જે જૈન ગૃહસ્થ વોરા ઘેલા વીરચંદના તરફથી જે મુદલ રકમ મૂકવામાં આવેલ છે, તેનું વ્યાજ માત્ર ૐ ભાગ જેટલું ઉપજતું હોવાથી દરવર્ષે ટીપ કરવી પડે છે, માથે લેનારને શોધવો પડે છે અને તેને અંગે અનેક કદાગ્રહ ખેંચતાણુ વગેરે થયા કરે છે તે ન થવા માટે ઉક્ત મૂળ રકમ મુકનાર ગૃહસ્થના કુટુંબીઓ અનેક પૈસાપાત્ર છતાં બીજા અનેક કાર્યોમાં હજારો રૂપયા ખરચે છે છતાં આવા મહત્વના કાર્યમાં તે રકમની વૃદ્ધિ કરી બીજાને શોધવા જવાનું બંધ કરાવતાં નથી તે અજાયબી ભરેલું છે. છેવટે એટલીજ સુચના કરીએ છીયે કે તે મૂળ રકમમાં તેઓના કુટુંબીઓ વધારો કરી શુંવાંગ પોતાના તરફથી કરી પોતાના કુટુંબની ઉજ્વળ કીર્તિમાં વધારો કરશે.

બીજું કાર્ય એઠજુઠ સંબંધી છે. સર્વ કોમ કરતાં ઊંચ કોમ તરીકે દાવો ધરાવનાર જૈન કોમ પોતાના જમણવારમાં બીજા કરતાં એઠજુઠનો હિસાબ નહિ રાખતા હોવાને સબબે નબળા ગણાય છે. જેને લઇને ધર્મહેલના પણ કેટલીક વખત થાય છે અને વળી શાસ્ત્રાનુસાર એઠજુઠમાં બે ઘડીમાં અસંખ્ય જીવો ઉપજે છે અને વિનાશ થાય છે, જે તેવું અકૃત્ય પોતાના પ્રમાદને અંગે જૈનોને માથે આવે છે; તેટલું જ નહિ પણ જમાડનારને ખરચ ધાર્યા કરતાં વધારે થાય છે. જે હકીકતને માટે પણ ઉક્ત મહાત્માએ વ્યાખ્યાનમાં અડગપણે અનેક વખત ઉપદેશ આપ્યા કરતા હતા. સ્વામીવચ્છલમાં અને પોતાના ઘરે પાણીના ઠામમાં પીધેલું વાસણ એમને એમ બોળવામાં આવે છે વીગેરે અનેક હકીકતો માટે અત્રેના સંઘમાં ચર્ચા ચાલી રહી હતી, દરમ્યાન સંવત્સરીના રોજ પ્રતિક્રમણના ટાઇમે આગેવાનોને ઉકત મહાત્માએ સ્વામીવચ્છળમાં લાઇનસર બેસાડવા, એઠુંજુઠું ન પડે તેનો બંદોબસ્ત કરવા વગેરે દેખરેખ રાખવા, વ્યવસ્થા કરવા પચ્ચખાણુ કરાવ્યા હતા. જેને લઇને ભાદરવા શુદ ૫ ના રોજ જમેલા સ્વામીવચ્છલમાં ઉકત મહાત્માના ઉપદેશથી ઘણો સુધારો અને ફેરફાર થયો હતો. જે ઉપકાર અત્રેના શ્રાવક સમુદાય ઉપર અપરિમિત છે.

૩ સિવાય પન્યાસજી મહારાજ દાનવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પ્રેમવિજયજી મહારાજ પાસે પંચ સંગ્રહ, કમ્મપયડી, ભગવતીજી, નવતત્ત્વ, કર્મગ્રંથ વગેરે અપૂર્વ ગ્રંથોની વાચના તથા બાકીના વખતમાં જ્ઞાનોદ્ધારને અંગે પંચસંગ્રહ, પ્રતિમા શતક, શ્રાદ્ધવિધિ, બૃહત સંઘયણ નવતત્ત્વ, ( શ્રીમદ્ વિજયાનંદ સૂરિકૃત ) શોધવાનું કાર્ય ચાલે છે.

સિવાય પોસહ, પ્રતિક્રમણ, તપ વગેરે અનેક ધાર્મિક કાર્યોના લાભો શ્રી સંઘને મળવા લાગ્યા છે. જેથી તે બાબત તેમજ આવા શાંત, વિદ્વાન, અને ન્યાયી મહાત્માના આવાગમનથી ઘણા વર્ષોએ આવો અપૂર્વ આનંદ શ્રી સંઘને થયો છે. એમ સમગ્ર જૈન પ્રજાની વાણી છે.

વિશેષ હકીકત જાણવા જેવી એ છે જે સંવત્સરીના દિવસે ચતુરવિધિ સંઘ સાથે દેવદર્શનથી ચૈત્ય પરિપાટી જે જૈન મંદિરોની થતી હતી. તેમાં આ સાલ ગુરૂદર્શનની વૃદ્ધિ થઇ છે. ઉક્ત મહાત્મા પોતાની સાથેના મુનિમંડળ અને અત્રસ્થ પ્રથમથીજ બીરાજમાન્ ઉત્તમવિજયજી મહારાજ વગેરે મુનિઓ સાથે આ સભાના આત્માનંદ ભવનમાં જ્યાં મહોપકારી ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) ની મોટી છબી પધરાવવામાં આવેલ છે. ત્યાં ગુરૂદર્શન કરવા પધારેલા હતા. જ્યાં કે પધારેલા મહાત્માઓનું પ્રથમ ગુરૂપૂજન કરવામાં આવેલું હતું.

પર્યુષણમાં કલ્પધરથી વ્યાખ્યાનમાં દરેક સ્થળે સામાન્ય રીતે કલ્પસૂત્ર સુબોધિકા ટીકા વંચાય છે, પરંતુ આ વર્ષે કેટલાએક બંધુઓની વિનંતિ ઉપરથી **કીરણાવલી** નામની ટીકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કે શ્રીમદ્ ધર્મસાગરજી ઉપાધ્યાયજીની બનાવેલી અને સુબોધિકાથી શ્લોક સંખ્યામાં પણ વધારે છે તે વાંચવામાં આવેલ હતી. તે અપૂર્વ હતી. અત્રે ઘણી વખત સુબોધિકાટીકા વંચાતા બે ત્રણ મુનિરાજો મળી તે પૂર્ણ કરતાં, પરંતુ આ વખતે આ મોટી ટીકા વંચાયા છતાં પહેલેથી છેલ્લે સુધી સરલ રીતે અને અવિચ્છિન્નપણે પન્યાસજી મહારાજ શ્રી દાનવિજયજી મહારાજે પૂર્ણ કરી છે. તેઓશ્રીની જ્ઞાન શકિત અને શરીર શકિત અને પૂર્ણ ઉત્સાહે અત્રેના શ્રીસંઘને આનંદ સાથે અજાયબી ઉત્પન્ન કરાવી છે.

સાંભળવા પ્રમાણે સ્વર્ગવાસી શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજે ) સુરતના તેઓશ્રીના ચોમાસા દરમ્યાન આ ટીકા વાંચી હતી. અને આ શહેરમાં તો આ પ્રથમ વખત જ હોવાથી અત્યાનંદ થયો હતો.

જેમ જુદી જુદી વાનીઓથી જુદો જુદો સ્વાદ મળે છે તેમ આ વર્ષે ઉક્ત મહાત્માના આવાગમનથી અપૂર્વ ભાવ સ્વાદ—આત્માનંદ પ્રગટ થયો છે; એમ અત્રેના શ્રીસંઘને અનુભવ થયો છે.

એમ તો ખાત્રીબંધ કહી શકાય છે કે આ વર્ષનું ચાતુર્માસ અત્રેના શ્રી સંઘને અનેક રીતે ઉપકારક થયું છે. અને બાકીની મુદતમાં હજી તેમાં વૃદ્ધિ થશે તે બધાનું કારણ ઉત્તમ મુનિ મહારાજાઓનું આવાગમન તેજ છે. પૂર્વ પૂણ્યોદયે અત્રેના શ્રીસંઘને આ વર્ષે પ્રાપ્ત થયેલ આ અપૂર્વ પ્રસંગનો લાભ જેમ બને તેમ વધારે લેવા અમારી સકળ સમુદાયને નમ્ર પ્રાર્થના છે.

હાલમાં યુકત મહાત્માઓ વડવામાં પધાર્યા છે. જ્યાં દેરાસરમાં અઠ્ઠાઇમહોત્સવ શરૂ થયો છે. તેને અંગે સાતમે દિવસે ભાદરવા વદી ૧ ના રોજ અઠ્ઠાઇમહોત્સવ નિમિત્તે જળયાત્રાનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. બહાર ગામથી ભોજકોને પૂજા માટે તેડાવવામાં આવ્યા હતા. રોજ વિવિધ પૂજાઓ સુંદર રાગ રાગણીથી ભણાવવામાં આવે છે. હજારો મનુષ્યો જૈનો અને ઇતર મનુષ્યોએ ભાગ લીધો હતો.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં દશ વર્ષ સુધી દર વર્ષે વાર્ષિક ઉત્તેજન આપનાર સભાસદોમાં નીચે મુજબ વધારો થયો છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| અગાઉ ભરાયલા. | રૂ. | ૭૬૯૩) | શેઠ ભોગીલાલ લેહેરચંદ | રૂ. | ૫૧) |
| શેઠ ત્રીકમલાલ હીરાલાલ | રૂ. | ૫૧) | ,, મોતીચંદ પ્રેમચંદ | રૂ. | ૫૧) |
| ,, શેવંતીલાલ નગીનદાસ | રૂ. | ૫૧) | ,, કેશરીચંદ ભાણાભાઇ | રૂ. | ૧૦૧) |
| ,, અમુલખ ખુબચંદની કુ. | રૂ. | ૧૦૧) | ,, જેઠાભાઇ કલ્યાણજી | રૂ. | ૧૦૧) |
| ,, સારાભાઇ મગનભાઇ મોદી.બી.એ | રૂ. | ૫૧) | ,, ટોકરશી દેવશી | રૂ. | ૭૫) |
| ,, મોહનલાલ મગનલાલ ઝવેરી. | રૂ. | ૫૧) | ,, ડાયાભાઇ ધન | રૂ. | ૫૧) |
| ,, રવચંદ ઉજમચંદ | રૂ. | ૮૫) | ,, રણછોડદાસ કાનજીભાઇનીકુ | રૂ. | ૫૧) |
| ,, મુલજી ડુંગરશી | રૂ. | ૫૧) | ,, ઝવેરચંદ ઠાકરશી | રૂ. | ૫૧) |
| ,, દલીચંદ ફુલચંદ | રૂ. | ૫૧) | ,, રાયચંદ મોતીચંદની કુ. | રૂ. | ૫૧) |
| ,, છોટાલાલ કસ્તુરચંદ | રૂ. | ૫૧) | ,, હેમચંદ મોહનલાલ | રૂ. | ૫૧) |
| ,, હાથીભાઇ મગનલાલની કુ. | રૂ. | ૭૫) | | | |

કુલ રૂ. ૮૯૪૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

શ્રીમન્ મુનિ મહારાજ **શ્રી મોહનલાલજી જૈન સેંટ્લ લાઇબ્રેરી** તથા **સંસ્કૃત પાઠશાળાનો ચતુર્થ વાર્ષિક રીપોર્ટ** તથા હિસાબ અમોને અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે. જે વાંચતાં આનંદ થાય છે, એટલું જ નહિ પરંતુ દિવસાનુદિવસ તેની દ્રવ્ય–ભાવ બંને રૂપે થતી અભિવૃદ્ધિ તેના ઉત્તમ અને લાગણીવાળા તેમજ ગુરૂભકત કાર્યવાહકોના ધન્યવાદને પાત્ર છે. ગયા ત્રીજા વર્ષની આખરે ન્યુસ-પેપરો–બુકો વગેરે જે હતા, તેમાં આ વર્ષે ઘણો સારો વધારો થયો છે. એટલું જ નહિ પરંતુ હસ્તલેખિત પ્રતોની આ વર્ષે કુલ સંખ્યા ૭૮૦ ની થયેલી જાણી વધારે ખુશી થવા જેવું છે. તે બાબતમાં સૂચના કરવાની કે નામદાર બ્રીટીશ સરકારની માફક જુદે જુદે સ્થળે વિદ્વાન પુરૂષોને–જાણકારક શખ્સોને મોકલી એવા હસ્તલેખિત પ્રાચીન ગ્રંથો–પ્રતોની શોધ ખોળ–ખરીદી કરી મોટા પાયા ઉપર આ લાઇબ્રેરીમાં સંગ્રહ કરી, એક ભવ્ય જ્ઞાનમંદિર કરવાની પ્રવૃત્તિ કરવી તે આવકારદાયક છે. આ વર્ષમાં પુસ્તકો ખરીદવા સારૂ વડોદરા સેન્ટ્લ લાઇબ્રેરી-વાળા મી. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમ–એ મારફત પુસ્તકોનું સીલેકશન કરાવ્યું હતું. જે લાઇબ્રેરીના સાધનોમાં એક સગવડ ભરેલું કૃત્ય હતું. દિનપ્રતિદિન જૈન અને જૈનેતર પ્રજા બહોળા પ્રમાણમાં ઉકત લાઇબ્રેરીનો વધારે લાભ લે છે, તે તેના બાહોશ કાર્યકર્ત્તાઓ અને કમીટીની ઉદાર લાગણી અને સગવડતાની નીશાની છે. મુંબઈ જેવા સુ વિખ્યાત અને પંચરંગી પ્રજાથી વસેલા મહાન શહેરમાં આ લાઇબ્રેરીએ લોકપ્રિયતા મેળવવા સાથે મનુષ્યના માનસિક વિકાશના એક ખરેખર ઉત્તમ સાધનનો જન્મ આપેલ છે.

સંસ્કૃત પાઠશાળાની પણ વધતી જતી પ્રગતિ પણ ભવિષ્યમાં તેટલી જ આનંદજનક થશે, એ નિશ્ચય છે.

વહીવટને લગતી ઉત્તમ વ્યવસ્થા એટલીબધી સરસ છે કે દરેક મનુષ્યની દરેક પ્રકારની મદદને પાત્ર આ લાઇબ્રેરી છે.

છેવટે ગયા છેલ્લા બે વર્ષમાં અમોએ કરેલી સૂચના કે જે ઉક્ત લાઇબ્રેરી જાહેર લત્તા ઉપર લઈ જવાની જરૂરીયાત છે અને નામદાર ગાયકવાડ સરકાર તેમજ સોશીયલ સરવીસ લીગ તરફથી જે રીતે સાધન કરી આપવામાં આવે છે તેવી રીતે એક વિશાળ મકાન ઉકત લાઇબ્રેરી માટે પોતાના તરફથી બંધાવવાની ખાશ જરૂરીયાત છે. ઘણા લાગણીવાળા ગૃહસ્થોની બનેલી કમીટી હવે તે કાર્ય જલદીથી પાર પાડશે એટલી સૂચના પ્રાંતે કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાહેર ખબર અગાઉના અંકોમાં આવી ગયેલ છે, પરંતુ અમારા આ માસિકના માનવંતા ગ્રાહકોને ખાસ લાભ આપવા માટે તેઓને માત્ર અર્ધી કીંમતે એટલે માત્ર આઠ આનાથી આપવામાં આવશે. (પોસ્ટેજ જુદું) આ લાભ માત્ર ચાર માસ માટે છે, જેથી જેમની ઇચ્છા હોય તેમણે અમોને પત્રદ્વારા ખબર આપી નામ નોંધાવવું, મુદ્દત વિત્યાબાદ આ લાભ મળશે નહિ.

અન્યમાટે રૂ. ૧-૦-૦ કિંમત રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

જૈન આત્માનંદ સભા–ભાવનગર.

## મોટું સાહસ મફત તદ્દન મફત.
## દરેક ગ્રાહકોને બે વરસ સુધી મફત વાંચન પુરૂં પાડવાની કરવામાં આવેલી ખાસ યોજના.

# જૈન શાસન

સામાજિક, નૈતિક, ધાર્મિક, અને સાહિત્ય વિષયક લેખોથી હિન્દી તથા ગુજરાતીમાં પ્રતિ બુધવારે પ્રકાશિત થાય છે, જૈન સમાજમાં આ એક અદ્વિતીય સાપ્તાહિક પત્ર છે કદિ ત્હમે ઘેર બેઠે પરમાત્માના પવિત્ર ઉપદેશને શ્રવણ કરવા ચાહો છો ? યદિ તમે ઘેર બેઠે જૈન સામાજની સ્થિતિને જાણવા ચાહો છો ? અને યદિ તમે ઘેર બેઠા પાશ્ચાત્ય જૈન સ્કોલરોના કાર્યોનું નિરીક્ષણ કરવા ચાહો છો ? તો શીઘ્ર "જૈનશાસન" પત્રની નીચેની યોજના ધ્યાનમાં લઇ ગ્રાહક થાઓ.

---

## જૈન શાસન કેવીરીતે મળે છે ?

**જૈન શાસનનું**–સને **૧૯૧૪=૧૫** ના બે વર્ષનું લવાજમ રૂપીઆ છ મનીઓર્ડરથી પહેલાં મોકલી આપનારને **રાસકોપ સીસ્ટમનું પાંચ વર્ષની ગેરેન્ટીવાળું રેગ્યુલર વોચ રૂ. ૫-૦-૦ ની કીંમતનું ફક્ત ટપાલ ખર્ચના પૈસા લઇ પહોચતું કરવામાં આવશે.**

જે ગ્રાહકો ઉપર પ્રમાણે બે વર્ષનું લવાજમ મોકલી જેને ઘડીયાળ લેવાની ઇચ્છા નહિં હોય તેને **"રાજસ્થાનનો ઇતિહાસ" ભાગ ૧ લો કર્નલટૉડ પ્રણિત સરલ ગુજરાતી કિંમત રૂ. ૫-૦-૦** નો ટપાલ ખર્ચના ફક્ત ચાર આના લઇ મોકલવામાં આવશે.

ઉપરની ખાસ યોજના **જૈન શાસનના** પ્રવર્તકોની ખાસ ઇચ્છાથી અને તેને દરેક જૈન કોમમાં જાણીતું કરવાની પ્રબળ ઇચ્છાથી ઘડવામાં અવી છે.

**સુચના**--જે ગ્રાહકોએ **સને ૧૯૧૪** નું લવાજમ મોકલી આપ્યું છે તેને ફક્ત **સને ૧૯૧૫** ની સાલનું લવાજમ રૂ. ૩-૦-૦ મોકલી આપવા.

ઉપરના નિયમો લાઇબ્રેરી, પાઠશાળાઓને લાગુ પડશે નહિ પણ જો તે પુરૂં લવાજમ ભરશે, તો ઉપરનો લાભ તેઓને પણ મળશે.

**નોટ**:=આ ઉપરાંત અમોએ જે પ્રથમ જણાવ્યું છે કે=ચોથા વર્ષના ગ્રાહકોને પાંચસો પાનાનો જૈન ફીલોસોફીનો ઉત્તમ ગ્રંથ ઉમદા કાગળમાં જે છપાય છે તે ભેટ આપવામાં આવશેજ, ને પાંચમાં વર્ષ માટે પણ ભેટની બુક અલગજ આપવામાં આવશે, માટે ગ્રાહક બનો વ્હેલો તે પહેલો.

**મેનેજર જૈન શાસન**—રાંધનપુરી બજાર–**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થોડા વખતમાં બહાર પડશે.

# ગદ્ય પાણ્ડવ ચરિત્ર.

## પત્રાકાર.

કીંમત અગાઉથી રૂપીયા ત્રણ પાછળથી રૂપીયા ચાર.

યશોવિજયજી ગ્રંથમાળા તરફથી પુસ્તકાકારે પ્રસિદ્ધ થયેલા આ ગ્રંથ અમારા તરફથી પત્રાકારે ઉંચા કેટ્રીઝ કાગળો ઉપર કેટલાક સાધુ મુનિરાજના આગ્રહથી છપાવવો શરૂ કરેલ છે, જેની ફક્ત ૨૫૦ કોપી છપાઈ છે, માટે ગ્રાહક થનારાઓએ પોતાના ઓરડર તાકીદે મોકલી આપવા. જેથી પાછળથી નાશીપાસ થવું ન પડે. આ પુસ્તકની શુદ્ધતા તથા સફાઈ માટે ખાસ કાળજી રાખવામાં આવે છે. અગાઉથી રૂપીયા મોકલનારનેજ રૂપીયા ત્રણથી આપવામાં આવશે. વી. પી થી. મંગાવી નામ નોંધાવનારને રૂપીઆ ચારમાં આપવામાં આવશે માટે વહેલો તે પહેલો.

તા—ક. કેટલાક સાધુ મહારાજાઓ પોતાનું નામ લખવા જણાવ્યું છે. તેને ખબર આપીએ છીએ કે રૂપીઆ નહીં મોકલનારને રૂપીઆ ચાર ભરવા પડશે. માટે તે ઉપર ખાસ લક્ષ ખેંચીએછીએ.

મેનેજર જૈનશાસન—ભાવનગર.

---

## જોઇએ છીએ.

આ સભા માટે વહીવટી (નામનું) કામ કરી શકે તેવો. તેમજ સંસ્કૃત અને ઇંગ્રીશ ભાષા જાણનાર, પ્રુફો તપાસવા વગેરેના કામનો માહેતગાર, એક કારકુન આ સભા માટે જોઇએ છીએ. બીજે નોકરી કરી હોયતો ત્યાંના સરટીફીકેટો સાથે અરજી આ સભાના પ્રમુખને નામે કરવી પગાર રૂા. ૨૦ થી ૨૫ માસિક.

શ્રી જૈન આત્માનંદસભા—ભાવનગર.

---

### આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ દલાલ છોટાલાલ ચુનીલાલ રે. ભાવનગર પે૦ વ૦ વાર્ષિક મેમ્બર.
૧ શા ગોરધનદાસ રામચંદ ” ”

For Private And Personal Use Only